સુવિચાર

જિંદગી જીવવાની રીત કે
નુસખા તૈયાર નથી મળતા.
માણસે જાતે તેનું મંથન,
તેની શોધ કરવી પડે છે.

:: સૌજન્ય ::

નિલકંઠ જ્વેલર્સ
(લાઠીવાળા)
માણેકપરા, અમરેલી.
ફોન : ૦૨૭૯૨-૨૨૩૫૫૭

પાના ૦૮ : કિંમત રૂા. ૩.૦૦
તા. ૨૦/૦૭/૨૦૨૩, ગુરૂવાર
ફોન : ૨૨૮૪૨૨
www.amreliexpress.com

સત્યમ શિવમ્ સુંદરમ્
AMRELI EXPRESS DAILY

R.N.I.NO.GUJGUJ/2001/11803
E-Mail : amreliexpress7@gmail.com

જિલ્લાનાં આમઆદમીનું અખબાર

અમરેલી એક્સપ્રેસ

અમરેલી, લાઠી, લીલીયા, દામનગર, બાબરા, સાવરકુંડલા, ધારી, ચલાલા, બગસરા, ખાંભા, રાજુલા, જાફરાબાદ, ઉના, કુંકાવાવ, વડિયા, વીજપડી પંથકમાં બહોળો ફેલાવો ધરાવે છે.

તંત્રી, પ્રકાશક, માલિક : મનોજ એચ. રૂપારેલીયા, કાર્યાલય : જીલ્લા મધ્યસ્થ બેન્ક પાછળ, અમરેલી : મુદ્રણ સ્થાન : આજકાલ પ્રિ.પ્રેસ રજપુતપરા, શેલ પેટ્રોલ પંપ પાછળ રાજકોટ ખાતેથી છપાવી અમરેલી એક્સપ્રેસ કાર્યાલયથી પ્રસિદ્ધ કર્યુ. : વિક્રમ સંવત ૨૦૭૯ અ.શ્રાવણ સુદ-૩ વર્ષ : ૧૫ અંક : ૧૮૫

ફરસાણ • ખમણ • મીઠાઈ
શિવ ફરસાણ
(ધારીવાળા)
નારણ આર્કેડ, ભીડભંજન મહાદેવના મંદિરની સામે, લીલીયા રોડ, અમરેલી.

જિલ્લાનું સમગ્ર અર્થતંત્ર કૃષિ આધારિત હોય સતત વરસાદથી પાક નિષ્ફળ જવાની ભીતિ

અમરેલી જિલ્લામાં સતત વરસાદથી ચિંતા વધી રહી છે

સતત વરસાદનાં કારણે ખેડૂતો ખેતીકાર્ય કરી શકતા નથી, ખેતરોમાં પાણીનો સતત ભરાવો

નિંદામણ, દવા કે ખાતરનો છંટકાવ કરવા માટે પણ ખેતરમાં ભરાયેલ પાણી મુશ્કેલી ઉભી કરે છે

આગામી ૧૦ દિવસ સુધી વરાપ નીકળે તો ખેડૂતો ખેતીકાર્ય કરી શકે તેમ છે

બીજી તરફ હવામાન નિષ્ણાંતો વરસાદની આગાહી ઉપર આગાહી કરતાં હોય મામલો ચિંતા ઉપજાવી રહ્યો છે

અમરેલી, તા. ૧૯

અમરેલી જિલ્લામાં સરેરાશ વરસાદ જેટલો કે તેનાથી પણ વધારે અમુક વિસ્તારોમાં વરસાદ પડી જતાં હવે જગતાત ગણાતા ખેડૂતો વરાપ ઈચ્છી રહ્યા છે. કારણ કે સતત વરસાદથી ખેતરોમાં પાણીનો ભરાવો થતાં હવા કે ખાતરનો છંટકાવ, નિંદામણ જેવા કાર્ય થતાં નથી અને સતત પાણી ભરાઈ રહેવાથી પાક બળી જવાનો ભય પણ ખેડૂતોને સતાવી રહ્યો છે અને જિલ્લાનું અર્થતંત્ર ખેતી આધારિત હોવાથી પાકની સારા ખરાબની અસર વેપાર જગત પર પડતી હોવાથી સૌ કોઈ હવે ૧૦–૧૫ દિવસ વરાપ નીકળે તેવું ઈચ્છી રહ્યા છે અને બીજી તરફ હવામાન નિષ્ણાંતો આગામી દિવસોમાં વરસાદ પડયા જ કરશે તેવી આગાહી કરીને સૌની ચિંતા વધારી રહ્યા છે.

દરમિયાન અમરેલી જિલ્લામાં આજે પુનઃ અમરેલીમાં ૧૯ મીમી, ખાંભામાં ૮ મીમી, ધારીમાં ૯ મીમી, વડિયામાં ૪૦ મીમી, બગસરામાં ૨૨ મીમી, બાબરામાં ૨૯ મીમી, લાઠીમાં ૬ મીમી, લીલીયામાં ૧૨ મીમી અને સાવરકુંડલામાં ૬ મીમી વરસાદ નોંધાયો હતો.

બાબરા

બાબરા તાલુકાના પાંચાળ વિસ્તારમાં તેમજ અન્ય ગ્રામ્ય વિસ્તારોમાં બપોર બાદ ધોધમાર વરસાદ પડતા સ્થાનિક નદીમાં પુર આવ્યા હતા. જેના કારણે પુરના પાણી કોઝવે અને રોડ પર ફરી વળતા રસ્તાઓ બંધ થયા હતા.

બાબરા તાલુકાનાં જામ બરવાળા અને ગઢડા તાલુકાના લિંબડીયા ગામ વચ્ચે આવેલ કોઝવે ઉપરથી સ્થાનિક નદીનું પાણી ઉપર થઈ રોડ પર ફરી વળતા રસ્તો બંધ થયો અને અહીંથી પસાર થતાં વાહનચાલકો તેમજ અન્ય મુસાફરોને પુરના પાણી ઓસરે નહિ ત્યાં સુધી રજળવાની ફરજ પડી હતી.

વડિયા

ચોમાસાનાં વરસાદનાં બીજા રાઉન્ડમાં વરસાદની આગાહી

અનુસંધાન પાના ૬ ઉપર

વેરાવળ જતી ટ્રેન વિસાવદરથી પરત ફરી

અમરેલી–વેરાવળ તથા જુનાગઢ રૂટની ટ્રેનને વરસાદનાં કારણે બંધ કરી દેવાઇ

વરસાદ બંધ થયા બાદ પુનઃ ટ્રેન સેવા શરૂ થશે

વેરાવળ – અમરેલી – વેરાવળ
03761

અમરેલી, તા. ૧૯

ગીર સોમનાથ જિલ્લા તથા વેરાવળ પંથકમાં ભારે વરસાદના પગલે અમરેલીથી આજે સવારે ૫:૪૭ કલાકે વેરાવળ જતી પેસેન્જર ટ્રેન વિસાવદરથી પરત અમરેલી ફરી હતી. જયારે બપોરે અમરેલી થી વેરાવળ જતી ટ્રેઈન રેલ્વે વિભાગ દ્વારા હાલ તુરંત બંધ કરી દેવાય છે. નવી જાહેરાત ન થાય ત્યાં સુધી અમરેલી–વેરાવળ ટ્રેઈન વરસાદને પગલે બંધ રહેશે. ગીર સોમનાથ જિલ્લા તથા વેરાવળ પંથકમાં ભારે વરસાદના પગલે મુસાફર ટ્રેઈન સેવાઓ ખોરવાય છે. જયારે આવતી કાલે અમરેલી–જુનાગઢ ટ્રેન પણ બંધ કરી દેવામાં આવેલ છે.

અનુસંધાન પાના ૬ ઉપર

નંદભુવન સોસાયટી
ખુલ્લા પ્લોટોનું વેચાણ શરૂ કરેલ છે
સાઈટ : ચિતલ રોડ, ભાવકા ભવાની મંદિરથી પ્રતાપપરા જવાના રસ્તે
સુચિત "રીવરફ્રન્ટ પ્રોજેક્ટની સાવ નજીક"
તૈયાર કબ્જો
૯૦ વારથી વધુના પ્લોટો
ફકત ૨૩ પ્લોટનું વેચાણ કરવાનું છે
બુકીંગ માટે સંપર્ક
મો. ૮૩૫૬૮ ૪૯૧૯૩ ■ મો. ૯૮૨૦૦ ૨૮૦૦૪

દુ:ખદ અવસાન
બેસણું

સ્વ. કુસુમબેન ચંદુલાલ સેદાણી
અધીક શ્રાવણ સુદ ૨ને બુધવાર તા.૧૯-૭-૨૦૨૩
સ્વ.ચંદુલાલ મોહનલાલ સેદાણી ના ધર્મપત્ની
ગં.સ્વ.કુસુમબેન ચંદુલાલ સેદાણી (ઉ.વર્ષ : ૭૩)નું
તા.૧૯-૭-૨૦૨૩ને બુધવાર ના રોજ ગૌલોક વાસી થયેલ છે.
પરમ કૃપાળુ પરમાત્મા તેમના દિવ્ય આત્માને સદ્‌ગતી આપે એજ પ્રાર્થના.
:: સદ્‌ગતનું બેસણું ::
તા.૨૦-૭-૨૦૨૩ને ગુરૂવાર ના રોજ સાંજે ૪-૦૦ થી ૬-૦૦ કલાકે
લોહાણા મહાજન વાડી, લાઠી રોડ, બાયપાસ પાસે, અમરેલી
:: લી. ::
મનોજભાઈ ચંદુભાઈ સેદાણી મો. ૯૬૩૮૧ ૧૬૧૧૧
જયભાઈ મનોજભાઈ સેદાણી મો. ૮૪૦૧૯ ૬૮૦૩૪
કિશનભાઈ મનોજભાઈ સેદાણી મો. ૭૫૭૫૮ ૫૧૩૯૧
:: ફર્મ ::
એમ વર્લ્ડ ચેનલવાળા
ટાવર ચોક, અમરેલી

Krishna
DINING HALL



ક્રિષ્ના ડાઈનીંગ હોલ
પહેલો માળ, હિરકબાગ શોપીંગ સેન્ટર, જુના માર્કેટીંગ યાર્ડ સામે, અમરેલી. - ૩૬૫૬૦૧ (ગુજ.)
ફોન નં. ૦૨૭૯૨ - ૨૩૩૪૪૬
હેડ ઓફિસ : ક્રિષ્ના કેટરર્સ, કેરીયા રોડ, ભોજલપરા, અમરેલી.
રમેશભાઈ આર. શિંગાળા
૯૮૨૫૫ ૪૬૯૦૨

LG
Life's Good.
Welcome
Monsoon
Hurry!
Offer Limited Period Only
Fixed EMI
₹888/-
Range Starts From
₹12990
*T&C Apply

LG BEST SHOP
MUKUNDRAI AND BROTHERS
OPP. CAR CARE CENTER, CHAKAR GADH ROAD
AMRELI . 365601
Ph: 9408159606 / 9974772377

Sheetal
Monsoon
Special Offer
Chhole Puri
+ Dahi Puri
+ 2 Masala Chaas
+ 2 Almond Carnival
Icecream Scoop
₹520/-
₹350/-

શીતલ આઈસ્ક્રીમ પાર્લર - રેસ્ટોરેન્ટ
S.T. બસ સ્ટેન્ડ પાસે, અમરેલી.
☎ 02792-220867 - 95109 59954
સમય : સવારે 10:00 થી રાત્રે 11:00
ઓફર : 31-7-23 સુધી માન્ય

ચતુર્થ સ્તંભ : કૃષિ, ઉદ્યોગ અને સેવાક્ષેત્રની પ્રવૃત્તિઓનો વિકાસ આઝાદી કા અમૃત મહોત્સવ અંતર્ગત

અમરેલીનાં સણોસરા ખાતે લોકભાગીદારીથી ૪૦ વીઘા જમીનમાં હરિકૃષ્ણ અમૃત સરોવરનું નિર્માણ થયું

સણોસરા ગામનાં ઉત્સાહી ગ્રામજનો, યુવાઓએ લોકફાળો કરીને અમૃત સરોવર આપસપાસનાં વિસ્તારમાં ૫૦૦૦ વૃક્ષોનું વાવેતર કરીને હરિયાળી ક્રાંતિનો શંખ ફૂંક્યો

અમરેલી, તા. ૧૯

ગુજરાત રાજય સરકાર દ્વારા બજેટ–૨૦૨૩માં ચતુર્થ સ્તંભ : કૃષિ, ઉદ્યોગ અને સેવાક્ષેત્રની પ્રવૃત્તિઓના વિકાસ માટે સતત અને અવિરત તત્પર છે. ભારત સરકાર અને ગુજરાત સરકાર દ્વારા ખેડૂત હિતલક્ષી અનેક યોજનાઓ સફળતાપૂર્વક અમલમાં મુકવામાં આવી છે. આજે સરકારની દરેક યોજનાઓનો લાભ છેવાડાના જન જન સુધી પહોંચી રહ્યો છે. જળ વિના જીવન શકય નથી ! આ વાત આજે દરેક વ્યકિત સરળતાથી સમજી શકે છે. જળસિંચનને લઈને ગુજરાત સરકાર દ્વારા દર વર્ષે સુજલામ સુફલામ જળ અભિયાન ચલાવવામાં આવે છે. રાજયમાં સુજલામ સુફલામ જળ અભિયાન અંતર્ગત તળાવો ઉંડા કરવામાં આવે છે ઉપરાંત નવા તળાવોનું નિર્માણ પણ કરવામાં આવે છે. આ તળાવોમાં વરસાદી જળનો સંગ્રહ થતાં તેનો સીધો લાભ અનેક ખેડૂતોને મળી રહ્યો છે. અમરેલીના સણોસરા ખાતે ગ્રામજનોની દ્રઢ ઈચ્છાશકિત અને કંઈક કરવાની નેમ થકી આજે ૪૦ વીઘા જમીનમાં અમૃત સરોવરનું નિર્માણ થયું છે. વર્ષ ૨૦૧૮માં આ અમૃત સરોવરનું નિર્માણ કાર્ય શરૂ કરવામાં આવ્યું હતુ જેને સમગ્ર ગ્રામજનોએ માત્ર ૪૫ જ દિવસમાં પૂર્ણ કર્યુ હતું. સૌના સહિયારા પ્રયાસોથી ભગીરથ કાર્ય સિદ્ધ અને સાકાર થયું છે. સણોસરા ખાતે અને આસપાસના વિસ્તારમાં ખેતીલાયક જમીનમાં પાણીને લઈને અનેક મુશ્કેલીઓ હતી જે હવે ભૂતકાળ બની ચૂકી છે.

આઝાદી કા અમૃત મહોત્સવ અંતર્ગત જિલ્લામાં ૭૫ અમૃત સરોવરના નિર્માણનું લક્ષ્યાંક હતું જે સાકાર થવા તરફ ગતિમાં છે. ૧૫ ઓગસ્ટ,૨૦૨૩ના રોજ રાજયમાં દરેક જિલ્લામાં અમૃત સરોવર સ્થિત જગ્યામાં ધ્વજવંદન કાર્યક્રમ યોજાશે. સણોસરા ગામને ગુજરાત સરકારના સુજલામ સુફલામ જળસિંચન અભિયાન અંતર્ગત વોટરશેડ વિકાસ અને જળ સિંચન માટે રૂા. ૨૨ લાખની ગ્રાન્ટ મળી છે. આ ગ્રાન્ટ થકી વોટરશેડ બનાવવામાં આવ્યા છે.

એક સમય હતો કે અહીં પાણીની સમસ્યાથી સૌ કોઈ પરેશાન હતા. સણોસરાના ગ્રામજનોએ જળ સિંચનને લઈને વિચાર મંથમ આદર્યુ અને તેમાંથી જન્મ થયો વિશાળ સરોવરના નિર્માણના વિચારનો ! આ ભગીરથ કાર્ય માટે સૌ ગ્રામજનોએ લોકભાગીદારીથી કુલ રૂા. ૫૦ લાખથી વધુની રોકડ રકમ એકત્ર કરી ઉપરાંત ધોળકીયા ફાઉન્ડેશનના સર્વેસર્વા અને ઉદ્યોગપતિ સવજીભાઈ ધોળકીયાએ ગામલોકોનો જોશ અને ઉત્સાહ જોઈને આ તળાવના નિર્માણમાં મશીનરી સહિતની કામગીરી માટે પોતાનું યોગદાન આપ્યું. આ સરોવરના નિર્માણથી આજે જળસંગ્રહ થતાં આસપાસના ૨૦ થી ૨૫ ગામના ખેડૂતોને સીધો ફાયદો થયો છે, ખેડૂતો હવે વર્ષમાં ત્રણ વખત પાક લેતાં થયા છે, ખેડૂતોની આર્થિક ક્ષમતામાં વધારો થયો છે, પાણીની તંગીની સમસ્યા હવે ભૂતકાળ બની છે ઉપરાંત પાણીના જે તળ ૫૦૦ ફૂટ ઊંડા હતા તે હવે ૨૦ થી ૨૫ ફૂટ સુધી આવી ગયા છે ઉપરાંત ખેતીની જમીન ફળદ્રુપતાવાળી બની છે. આમ અમૃત સરોવરના નિર્માણ થકી સણોસરા સહિત આસપાસના વિસ્તારમાં હરિયાળી ક્રાંતિ આવી છે.

સણોસરા ગ્રામ અગ્રણી હિતેશભાઈ ગોંડલીયા સાથે વાત કરતાં તેમણે જણાવ્યું કે, ચાલુ સિઝનમાં શ્રીકાર વર્ષાથી અમૃત સરોવર છલકાયું છે, આસપાસના અનેક ગામના ખેડૂતોને લાભ મળી રહ્યો છે ઉપરાંત આ અમૃત સરોવરને ૧૦૦ વીઘામાં વિસ્તારવાની નેમ છે. સણોસરા ગામના ગ્રામજનોએ એ સાબિત કર્યુ છે કે, હરેક વિચાર જન્મે છે અને પછી જો દ્રઢ મનોબળ હોય તો દરેક કાર્ય સફળતા સાથે કરી શકાય છે. જળ સંગ્રહથી જળક્રાંતિ સુધી અને હરિયાળી ક્રાંતિનો વિચાર જો સાર્થક થાય તો ભવિષ્યની અનેક પેઢીઓ સુધી તેનો લાભ પ્રાપ્ત થાય છે. સણોસરા ગામના ગ્રામજનોએ એવું પ્રેરણાત્મક કાર્ય કર્યુ છે કે, જેનો લાભ આવનારી અનેક પેઢીઓને પ્રાપ્ત થશે ઉપરાંત લોકો આ જળ સિંચનના કાર્ય થકી પ્રેરણા પણ પ્રાપ્ત કરશે.

આલેખન : ધર્મેશ એન.વાળા
ફિલ્માંકન : બી.ડી.પાથર

સાવરકુંડલા નજીક આવેલ

ગાધકડા ગામે સાતી હાંકવા રાખેલ મજૂર બાબતે ખેડૂત યુવકને માર મારી ઈજા

યુવકે પોતાના મોટાબાપુ સામે પોલીસમાં ફરિયાદ નોંધાઈ

અમરેલી, તા. ૧૯

સાવરકુંડલા તાલુકાનાં ગાધકડા ગામે રહેતા અને કરીયાણાની દુકાન ચલાવતા સૌરવભાઈ અરવિંદભાઈ વાઘેલા નામનાં ૨૩ વર્ષિય યુવકે પોતાની ખેતીની જમીનમાં સાતી હાંકવા માટે સુરેશભાઈ મનુભાઈ મકવાણાને રાખેલ હોય. જે વાતનું મનદુઃ રાખી વેપારી યુવકને તેમના સગા મોટાબાપુ મથુરભાઈ જેઠાભાઈ વાઘેલાએ લાકડી વડે માર મારી ઈજા કર્યાની ફરિયાદ નોંધાઈ છે.

અમરેલી નજીક આવેલ

મોટા આંકડીયા પાસે ટ્રકની પાછળ એસ.ટી. બસ અથડાઈ જતાં ચાલકને ઈજા

ટ્રક ચાલકે બસનાં ચાલક સામે નોંધાવી ફરિયાદ

અમરેલી, તા. ૧૯

જામનગર જિલ્લાનાં જાલણસર ગામે રહેતા હિતેશભાઈ ખીમજીભાઈ મકવાણા નામનાં ટ્રક ચાલક પોતાના હવાલાવાળો આઈસર ટ્રક નં. જી.જે. ૦૩–બીટી ૭૨૭૨ રાજુલાથી જાલણસર ગામે જતા હતા. ત્યારે અમરેલીનાં મોટા આંકડીયા ગામ પાસે માર્ગમાં અચાનક જ ખાડો આવતા ટ્રક ચાલકે બ્રેક મારતા પાછળ આવી રહેલ એસ.ટી. બસ નં. જી.જે.–૧૮ ઝેડ ૭૨૪૭ આઈસરનાં પાછળના ભાગે અથડાઈ જતાં ટ્રક ચાલકને સામાન્ય ઈજા થતાં આ બનાવ અંગે આઈશરનાં ચાલકે બસચાલક સામે ફરિયાદ નોંધાવી છે.

વીજ ગ્રાહકોનાં હિતમાં નિર્ણય કરવા માંગ

સાવરકુંડલાનાં વીજપડી ખાતે પીજીવીસીએલ કચેરીને વિભાજીત કરવાની અત્યંત જરૂર

રાજયના ઉર્જામંત્રીએ યોગ્ય નિર્ણય કરવો જરૂરી

સાવરકુંડલા, તા. ૧૯

સાવરકુંડલા તાલુકા હેઠળ વીજપડી પીજીવીસીએલમાં લગભગ ૫૨ ગામો આવરી લેવામાં આવ્યા છે, જેમાં સાવરકુંડલા તાલુકાના અંદાજિત ૨૯ ગામ તેમજ રાજુલા તાલુકાના ૨૧ ગામડાઓનો સમાવેશ કરવામાં આવેલ છે.

વાસ્તવિક પરિસ્થિતિમાં ગ્રાહકોની પરેશાની વધારે પ્રમાણમાં જોવા મળેલ છે કારણ કે વીજપડી હેઠળ મેન અંદાજ ફીડર આઠ જેમાં ખેતીવાડી પણ અને જયોતિગ્રામ પણ ફોલ્ટ અવારનવાર આવે ત્યારે ગામડાઓ જાજા અને કામગીરી વધારે પ્રમાણ રહેતી હોવાથી આ ઓફિસને બે ભાગમાં વેચવામાં આવે અથવા તો રાજુલા તાલુકાના ૨૧ ગામડાઓ રાજુલા હેઠળ પરત આપવામાં આવે કારણ કે વીજપડી હેઠળ ૫૨ ગામડાઓ કસ્ટમર ધર્મના ધક્કા ખાય કામગીરી થતી નથી કારણ કે બાવન ગામના ફોલ્ટ એટેન્ડ કરવા નવા ગ્રાહકોને કનેકશન આપવા બીલીંગની કામગીરી ઓફિસ વર્ક સ્ટાફનો પ્રમાણ ઓછું કાર્ય કામગીરી વધારે પ્રમાણમાં હોય તો આ અંગે તાત્કાલિક નિર્ણય લઈ વીજપડી ઓફિસને બે ભાગમાં વિભાજીત કરી ગ્રાહકોને સંતોષકારક કામગીરી થાય સામાન્યતઃ અરજદારોની અરજીને દોઢ દોઢ વર્ષ સુધીકામગીરી થતી નથી કારણ કે સ્ટાફનો અભાવ કામગીરીનો બોજ વધારે પ્રમાણમાં હોય અધિકારીઓનો પણ વાંક ન હોય કર્મચારીનો પણ વાંક ન હોય વીજપડી અંદર ૫૨ ગામ સ્ટાફ પહોંચી વળે નહીં જેથી કરીને કામગીરી માટે ગ્રાહકોને દોઢ વર્ષ સુધી વાટે તો રહેવું જ પડે તો ઉચ્ચ કક્ષાએથી આ અંગે વિચારી તાત્કાલિક યોગ્ય નિરાકરણ થાય અને ગ્રાહકોને સંતોષ મળે તેવી લોકમાંગ ઉઠી છે. એમ અનિરૂધ્ધ ત્રિવેદીની એક અખબારી યાદીમાં જણાવાયું હતું.

લીલીયામોટા પોલીસે છેલ્લા ચાર વર્ષથી નાસતા ફરતા આરોપીને ઝડપી પાડયો

લીલીયા, તા. ૧૯

લીલીયા પોલીસ સ્ટેશનના પો.સબ.ઈન્સ. એસ.આર.ગોહિલની સુચના મુજબ લીલીયા પોલીસ સ્ટેશનના સર્વેલન્સ ટીમના બાહોશ પોલીસ કોન્સ્ટેબલો અનિરૂધ્ધસિંહ નટુભા વાજા તથા પો.કોન્સ. પૃથ્વિરાજસિંહ અરજણભાઈ મોરી તથા પો.કોન્સ. નિકુલભાઈ અમરાભાઈ શેલાણા તથા પો.કોન્સ સિધ્ધરાજસિંહ ભરતસિંહ જાડેજાનાઓએ લીલીયા પોસ્ટેના ફર્સ્ટ ગુ.ર.નં ૧૦/૨૦૧૯ ઈ.પી.કો કલમ ૩૨૩,૫૦૪,૫૦૬(૨), જી.પી.એકટ ૧૩૫ મુજબના કામના આરોપી મનુભાઈ જીણાભાઈ ધોળકિયા રહે. રંધોળા કુબલ્યા પરા તા. ઉમરાળા જી. ભાવનગર હાલ રહે સુરત, પોતાની ધરપકડ ટાળવા સારૂ નાસતો–ફરતો અને જયુ.ફ.ક.મેજી. લીલીયા કોર્ટ દ્વારા સી.આર.પી.સી. કલમ ૭૦ મુજબનું વોરંટ ઈસ્યુ કરેલ હોય જે આરોપીને ટેકનીકલ સોર્સ તથા હ્યુમન સોર્સની મદદથી બાતમી–હકીકત મેળવી સુરત શહેર ખાતેથી પકડી પાડવામા લીલીયા પોલીસ ટીમને સફળતા મળેલ છે.

ભારે વરસાદનાં પગલે

અમરેલી ફાયટરની ટીમ ગીર સોમનાથ જિલ્લામાં જવા રવાનાં

પુરની પરિસ્થિતિમાં મદદરૂપ બનશે

અમરેલી, તા.૧૯

હાલમાં છેલ્લા બે દિવસથી ગીર સોમનાથ જિલ્લામાં આવેલ પુરની પરિસ્થિતિને પહોંચી વળવા માટે થઈ અમરેલી જિલ્લા ખાતે કાર્યરત ફાયર એનડ ઈમરજન્સી સર્વિસ અમરેલીની ટીમ ગીર સોમનાથ જિલ્લા ખાતે જવા માટે રવાનાં થઈ હતી. જયારે આ ટીમને વેરાવળ ખાતે મુકવામાં આવેલ આ ટીમ દ્વારા વેરાવળ ખાતે દીલ ધડક રચ્યું કરી લોકોને જીવના જોખમે બચવવાની કામગીરી કરી હતી.

એસ.પી.ની સુચનાથી સ્પેશ્યલ ઓપરેશન ગૃપનો સપાટો

પિપાવાવ પોલીસ સ્ટેશન વિસ્તારમાં માદક પદાર્થનાં ગુન્હામાં માલ આપનાર આરોપીની અટકાયત

ટેકનિકલ સોર્સનાં આધારે આરોપીની અટકાયત

અમરેલી, તા.૧૯

અમરેલી પોલીસ અધિક્ષક હિમકર સિંહએ એસ.ઓ.જી. પોલીસ ઈન્સ્પેકટર એસ.જી.દેસાઈ તથા એસ.ઓ.જી.ટીમને અમરેલી જિલ્લામાં કેફી પદાર્થોનું ગેરકાયદેસર રીતે વેંચાણ કરતા તથા નાસતા – ફરતા ઈસમોને ઝડપી પાડી યુવાધનને બરબાદીનાં રસ્તે જતા અટકાવવા જરૂરી સુચનાં અને માર્ગદર્શન આપેલ હોય, એસ.ઓ.જી. ટીમે પીપાવાવ મરીન પોલીસ સ્ટેશન ગુન્હાનાં કામે રાજસ્થાનનો નાસતો ફરતો આરોપી તાજારામ વર્ધારામ ચૌધરી હાલ રે. અમદાવાદ વાળાને હ્યુમન ઈન્ટેલીજન્સ તથા ટેકિનકલ સૌર્સ મારફતે ઝડપી પાડવામાં સફળતા મળેલ છે.

ઝડપાયેલ ઈસનાં કબ્જામાંથી મોબાઈલ ફોન નંગ–૧ કિંમત રૂા.૫,૦૦૦ તથા ગુનામાં ઉપયોગ કરેલ બોલેરો પીક–અપ વાહન રજી નં.જીજે–૦૮–એયુ–૦૯૫૫ કિંમત રૂા.૨,૫૦,૦૦૦ ના મુદામાલ સાથે ઝડપી પાડવામાં આવેલ છે. મજકુર પકડાયેલ ઈસમની પુછપરછ દરમિયાન પીપાવાવ મરીન પો.સ્ટેશન બી.–પાર્ટ ગુ.ર.નં. ૦૧૫૪૪ ૨૦૨૩ એન.ડી.પી.એસ. એકટની કલમ–૧૫,૧૭,૧૮ તથા ૨૯ મુજબનાં ગુનાનાં કામે પકડાયેલ આરોપી સોમાભાઈ ગાંડાભાઈ વાઘ, રહે. રામપરા–૨) તા.રાજુલા, વાળાને માદક પદાર્થ સુકા પોષ ડોડાનાં ખાલી ખોખા તથા તેનો ભુક્કાનો જથ્થો આપેલ હતો. પકડાયેલ ઈસમને વધુ તપાસ અર્થે પીપાવાવ મરીન પોલીસ સ્ટેશન ખાતે સોંપી આપવામાં આવેલ છે.

અમરેલી નજીક આવેલ

રાજસ્થળી ગામે ખેતીની જમીનનાં મનદુઃખે આધેડ ઉપર કોદાળી વડે જીવલેણ હુમલો

સામે પક્ષે કુહાડી વડે હુમલો કરાયાની પણ ફરિયાદ

અમરેલી, તા. ૧૯

અમરેલી તાલુકાનાં રાજસ્થળી ગામે રહેતા નાગજીભાઈ સામતભાઈ પરમાર નામનાં ૫૯ વર્ષિય શ્રમિક પોતાની વાડીએ શેઢા ઉપર વાડ સરખી કરતા હતા. ત્યારે તેજ ગામે રહેતા પ્રવિણભાઈ વાલજીભાઈ પરમારે આધેડને ખેતરમાંથી ચાલવાની ના પાડી ઉશ્કેરાઈ જઈ ગાળોઆપી કોદાળી વડે જીવલેણ હુમલો કરી ઈજા કર્યાની ફરિયાદ નોંધાવી છે.

તો સામાપક્ષે આજ બનાવમાં પ્રવિણભાઈ વાલજીભાઈ પરમારે પણ નાગજીભાઈ સામતભાઈ પરમાર સામે કુહાડી વડે હુમલો કરી કાંડાના ભાગે ફેકચર તથા માથાનાં ભાગે ઈજા કર્યાની સામી ફરિયાદ નોંધાવી છે.

સાવરકુંડલા નજીક આવેલ

ગાધકડા ગામે તાર ફેન્શીંગ કાઢી નાખવાનાં મનદુઃખે ભાઈએ ભાઈને પાઈપ મારી દીધો

પોતાના ભાઈ–ભત્રીજા સામે પોલીસમાં ફરિયાદ નોંધાવી

અમરેલી, તા. ૧૯

સાવરકુંડલા તાલુકાનાં ગાધકડા ગામે રહેતા મથુરભાઈ જેઠાભાઈ વાઘેલા નામનાં ૪૯ વર્ષિય આધેડ તથા તેમના સગાભાઈ અરવિંદભાઈ બન્ને શેઢા પડોશી હોય અને આ અરવિંદભાઈ તથા તેમનાં પુત્ર સૌરવભાઈએ મથુરભાઈનાં શેઢે તારફેન્સીંગ તથા ખણીયા કાઢી નાખેલ. જેથી આધેડ તેમને ઠપકો આપવા જતાં પિતા–પુત્રએ ઉશ્કેરાઈ જઈ ધકકો મારી પછાડી દઈ ધોકા વડે તથા પાઈપ વડે માર મારી ઈજા કર્યાની ફરિયાદ પોલીસમાં નોંધાઈ છે.

પાલિકાનાં શાસકોની નૈતિક, સામાજિક અને શાસનાકીય જવાબદારી હોવા છતાં

સાવરકુંડલામાં જાહેર શૌચાલયની યોગ્ય વ્યવસ્થા જ નથી

શહેરમાં આવેલ મોટાભાગનાં જાહેર શૌચાલય નર્કાગારનો અનુભવ સૌને કરાવે છે

પુરૂષ અને મહિલાઓ માટે અલગ–અલગ વ્યવસ્થા કરવામાં પણ નિયમોનો ઉલાળીયો

ચૂંટણી વખતે મહિલાઓનાં મત મેળવવા મહિલા સશક્તિકરણની ગુલબાંગો અને બાદમાં કોણ મહિલાઓ

મહિલાઓ માટે સ્પેશ્યલ પીંક શૌચાલયની વ્યવસ્થા કરવાની જરૂરિયાત જોવા મળી રહી છે



(પ્રતાપભાઈ ખુમાણ દ્વારા)

સાવરકુંડલા, તા. ૧૯

સાવરકુંડલાની હાર્દ સમી બજાર એટલે મેઈન બજાર અને એમાં આવેલ શાહિવાળો ખાંચો. દરરોજ શહેરમાંથી અને આજુબાજુના ગામડાઓમાંથી હટાણું કરવાં હજારો માણસો અવર જવર કરે છે. ત્યારે આ વિસ્તારમાં નેચરલ કોલ માટે સમ ખાવા પૂરતી પણ વ્યવસ્થા સ્થાનિક સત્તાવાળાઓ આપી શકયા નથી. સાથે આપેલ તસવીરોમાં જોઈ શકો છો કે યુરીનલ કઈ હાલતમાં છે. આ યુરિનલ લેડીઝ યુઝેબલ છે કે જેન્ટસ માટે..!! એ પણ રહસ્ય છે. યૂરીનલની અંદર તપાસ કરતા પણ ખબર પડે તેમ નથી અને આ યુરીનલ જો કોન્ટ્રાકટર પાસે બનાવડાવ્યું હોય તો આ કામનું બીલ કેવી રીતે પાસ કર્યુ હશે..!! અંદર બે–ત્રણ લાઈન ટાઈલ્સ લગાવી છે, તળીયે કાંઈ કર્યુ નથી. હવે અહી બહાર કોઈ સાઈન નથી કે પુરૂષો માટે છે કે બહેનો માટે અને બન્ને માટે એક એક અલગ ખૂબજ જરૂરી છે. ફકત યુરીનલ જ નહીં પરંતુ ટોઈલેટની પણ અત્યંત આવશ્યકતા છે. લેડીઝ અને જેન્ટસ બન્ને માટે નાવલી નદીમાં શાકમાર્કેટ આસપાસ એકાદ આવા ટોઈલેટની જરૂર છે.

હવે તો મોબાઈલ ટોઈલેટ પણ સરકાર દ્વારા દરેક નગરપાલિકાને ફાળવવામાં આવે છે તો આવી મોબાઈલ દિવસ દરમ્યાન ટાવર રોડ ઉપર જુદી જુદી જગ્યાએ પાર્ક કરવાની જરૂર છે.

શાહિવાળા ખાંચા અને મેઈન બજારનાં તમામ વેપારીઓએ છેક એપ્રિલમાં સ્થાનિક સત્તાવાળાઓને લેખિત મૌખિક રજૂઆતો પણ કરી છે. જે ફકત અર્ધો દિવસનું કામ છે છતાં હજી જવાબદાર અધિકારીઓનું પેટનું પાણી પણ હલ્યું નથી. લોકોની માંગણી છે કે તાત્કાલિક ધોરણે માનવ સ્વાસ્થયને લગતી બાબત હોવાથી અગ્રતા આપવામાં આવે.

૨૯/૩૦/૩૧ જુલાઈનાં રોજ યોજાશે પુરૂષોતમ માસ નિમિત્તે સત્સંગ સભાઓ

વડિયાની ભાગોળે આવેલા હેરડા ડુંગરે ત્રિદિવસીય સત્સંગ મહોત્સવનું આયોજન

હેરડા ડુંગર ખોડિયાર આશ્રમનાં મહંત દ્વારા સત્સંગમાં ભાગ લેવા અપીલ

વડિયા, તા. ૧૯

ખ્યાતનામ વકતાઓ અને સંતો પોતાની વાણી પીરસશે. સમગ્ર દેશમાં અધિક માસની શરૂઆત થતા જ ભકિતમય માહોલ સર્જાતો જોવા મળી રહ્યો છે. ત્યારે વડિયાની ભાગોળે આવેલા હેરડા ડુંગર પર માં ખોડિયારની પવિત્ર જગ્યામાં હાલ કથાકાર જીજ્ઞાબેન ગોંડલિયા અને કલાકાર પૂનમબેન ગોંડલિયાના પિતા ભરતદાસ બાપુ સેવાપૂજા કરવામાં આવી રહી છે. કુદરતી સૌંદર્યથી ભરપૂર આ ધાર્મિક જગ્યામાં પૂજારી શ્રી ભરતદાસ બાપુ ગોંડલિયા પરિવાર દ્વારા હિન્દુ ધર્મના પવિત્ર ગણાતા અધિક માસમાં તારીખ ૨૯/૩૦/૩૧ જુલાઈના રોજ ભવ્ય ત્રિ–દિવસીય સત્સંગનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં ખ્યાતનામ કથાકાર, સંતો અને વકતાઓ પોતાની વાણીનો લાભ આપવાના છે. જેમાં તારીખ ૨૭ ને ગુરૂવારના રોજ રામેશ્વર બાપુ હરિયાણી, ભરતબાપુ દેવમુરારી અને દિવ્યાબેન સાધુ, તારીખ ૨૮ ને શુક્રવારના રોજ ભકિતરામ બાપુ, પદુબાપુ અને પ્રદીપભાઈ પંડયા, તારીખ ૨૯ ને શનિવારના રોજ વિષ્ણુબાપુ દાણીધારિયા, વનીતાદીદી અને આર્યન ભગત સત્સંગી સભાઓમાં પોતાની વાણી પીરસશે. ત્યારે આ સત્સંગ સભામાં વડીયા વિસ્તારના આસપાસના ગામના લોકોને આ સત્સંગી વાણીનો લાભ લેવા જગ્યાના મહંત ભરતદાસબાપુ, કથાકાર જીજ્ઞાબેન ગોંડલિયા અને કલાકાર પૂનમબેન ગોંડલિયા અને હેરડા ડુંગર સેવકગણ વતી પધારવા ભકતજનોને આમંત્રણ આપવામાં આવ્યું છે.

YAMAHA RACING
॥ વંદે માતરમ્ ॥
FZ-S Fi
lord of the streets
યામાહાનું અત્યાધુનિક સ્કુટર અને બાઈક
NOW WITH CONNECT
135kg
Side Stand Engine cut-off Switch
Light Weight
3D Emblem
Durable 149cc fuel injection Engine
Two-level Single Piece Seat
* - ટેસ્ટ ડ્રાઈવ લેવા માટે આજે જ પધારો.

જીજ્ઞેશ એજન્સી

લાઠી બાયપાસ ચોકડી, યામાહા શો-રૂમ, અમરેલી.

મો. ૭૦૪૮૬૮૨૦૦૪ - ૭૦૪૮૭ ૮૨૦૦૪

સાવરકુંડલા ખાતે મતદાર યાદી સુધારણા કાર્યક્રમ અંતર્ગત તાલીમ અપાઈ

સાવરકુંડલા, તા. ૧૯

સાવરકુંડલા ખાતે તારીખ ૧.૧.૨૦૦૪ ની લાયકાતની તારીખના સંદર્ભમાં મતદારયાદી સતત સુધારણા અને આગામી તારીખ ૨૧.૭. ૨૦૨૩ થી શરૂ થનાર હાઉસ ટુ હાઉસ કાર્યક્રમ અંતર્ગત સાવરકુંડલા તાલુકાના બી.એલ.ઓ અને સુપરવાઈઝરોને ઓનલાઈન બી.એલ.ઓ. એપ્લિકેશન, હાઉસ ટુ હાઉસ સર્વે માર્ગદર્શન બાબતે એસ. વી. દોશી ગર્લ્સ હાઈસ્કૂલ, સાવરકુંડલા ખાતે વિગતવાર તાલીમ આપવામાં આવી. આ તાલીમમાં પ્રાંત અધિકારી ભાલાળા, મામલતદાર ગોહિલ, તાલુકા વિકાસ અધિકારી પરમાર, ઈ. ચા. તાલુકા પ્રાથમિક શિક્ષણાધિકારી સાવરકુંડલા, અમરેલી જિલ્લા સિસ્ટમ સુપરવાઈઝર મનિષભાઈ કાલાણી, નાયબ મામલતદાર હસમુખભાઈ પાનસુરીયા, ખરવેશભાઈ જોશી સહિતનાઓએ હાજર રહી બી.એલ.ઓ. અને સુપરવાઈઝરોને તાલીમ આપી હતી.

વય મર્યાદાથી નિવૃત થતાં સેવા કાર્ય

અમરેલી પાલિકાનાં એસ.આઈ. દ્વારા સારહિ તપોવન આશ્રમને ૫૧ હજારનું દાન

સમગ્ર સારહિ પરિવારને શુભકામના પાઠવી



અમરેલી, તા. ૧૯

વય મર્યાદાનાં કારણે નિવૃત થતાં અમરેલી નગરપાલિકા આરોગ્ય વિભાગનાં સેનિટરી ઈન્સ્પેકટર (એસ.આઈ.) હસમુખભાઈ દેસાઈ દ્વારા સેવાકીય ભાવના સાથે ઉમળકાપૂર્વક સારહિ તપોવન આશ્રમનાં નિર્માણ કાર્ય માટે રકમ રૂા. ૫૧૦૦૦/–ની આર્થિક શુભેચ્છા આપેલ.

સાથોસાથ સંસ્થાની સેવાકીય પ્રવૃતિઓની વિગત મેળવી સારહી તપોવન આશ્રમનાં સ્વપ્નદ્રષ્ટા, પ્રેરણાસ્ત્રોત મુકેશભાઈ સંઘાણી અને સમગ્ર સારહિ પરિવારને શુભકામનાઓ પાઠવી. આ તકે સારહિ પરિવાર વતી નગરપાલિકાનાં કારોબારી ચેરમેન સુરેશભાઈ શેખવા ઉપસ્થિત રહેલ. સારહિ પરિવાર વતી હૃદયપૂર્વક આભાર માનવામાં આવેલ. તેમ અખબારી યાદીમાં જણાવેલ છે.

ટ્રસ્ટ, NGO, સ્કૂલ, માટે ખાસ

નવા ટ્રસ્ટ બનાવવા, ચેરીટી કમીશ્નરમાં નોંધણી કરાવવી ઓડીટ કરાવવા, મંદિર, મસ્જિદ, ગૌશાળા, હોસ્ટેલ, સ્કૂલ વગેરેના એકાઉન્ટ કરી આપવામાં આવશે.

ઈન્કમ ટેકસના સર્ટિફીકેટ, 12AB,80G, ઈન્કમ ટેકસના રીટર્ન વગેરે...

જુના બંધ પડેલા ટ્રસ્ટમાં વાર્ષિક હિસાબો, અન્ય રેકર્ડ વગેરે વ્યકિતગત કરી આપવામાં આવશે.

વેપારી એકાઉન્ટ, GST રીટર્ન, પાનકાર્ડ વગેરે કરી આપાવામાં આવશે.

શ્રીનાથજી કોમ્પ્યુટર્સ

૪૦,પહેલા માળે, હિરકબાગ શો. સેન્ટર, માર્કેટયાર્ડ રોડ, અમરેલી

ભરત બી. પારેખ - ૯૪૨૮૩ ૪૦૯૩૪

ભારતમાં સૌથી સારો મેડીકલેઇમ

મેડીકલેઇમ લેતી વખતે જો તમોને

(૧) ડાયાબીટીસ (૨) હાયપર ટેન્શન (B.P.) (૩) અસ્થમા (૪) કોલેસ્ટ્રોલ

જેવી ઉપરની ચાર બીમારી હોય તો તમો અમારો સંપર્ક કરો કારણ કે આ ચારેય બીમારીઓમાં પણ અમારા મેડીકલેઇમમાં ફકત–૩૦ દિવસ પછી સારવારનો ખર્ચ મળશે.

કેશલેશની સગવડ

સંપર્ક : પાર્થ ઇન્વેસ્ટમેન્ટ

જય કોમ્પ્લેક્ષ, ગાંધીબાગ પાસે, અમરેલી.

અશ્વિનભાઇ પંડયા મો. ૯૪૨૬૯ ૬૩૬૧૧ | પાર્થ પંડયા મો. ૮૪૬૦૫ ૫૦૬૬૦

■ કાર ■ બાઈક ■ ટ્રેકટર ■ ટ્રક ■ બસ

ટાયર-ટયુબ, ઓઈલ-ગ્રીસ, વ્હીલ-પ્લેટ-ધરા, જેક-ફીલ્ટર, ટુલ્સના હોલસેલ તેમજ રીટેઈલ

સંજય ટાયર્સ બસ સ્ટેશન રોડ, અમરેલી.

સંજય ટ્રેડ લીંક ટોયોટા શો-રૂમ પાસે, લાઠી બાયપાસ રોડ, અમરેલી.

પવિત્ર પુરૂષોત્તમ માસ નિમિતે

શીંગપાક ટોપરાપાક ગુલાબજાંબુ

સ્પે. માવાના પેંડા

ડ્રાયફ્રુટ ફરાળી ચેવડો

બટેટા વેફર્સ કેળા વેફર્સ

હાજરમાં મળશે

શિવ

નારાયણ આર્કેડ, ભીડભંજન મહાદેવના મંદિરની સામે, લીલીયા રોડ, અમરેલી.

મો. ૯૪૨૬૪ ૪૮૨૯૨ ■ મો. ૯૯૦૯૧ ૯૦૯૫૫

''શ્રી વલ્લભ'' Navnit

MARUTI SUZUKI ARENA

મારૂતિ સુઝુકી શોરૂમ હવે નવા રૂપરંગ તેમજ નવા જ મેનેજમેન્ટ સાથે...

ટેસ્ટ ડ્રાઇવ લેવા માટે રૂબરૂ શો–રૂમ પર પધારો

મારૂતિ સુઝુકી ઓથોરાઇઝ્ડ ડીલર

આલ્ફા ઓટોલિંક

સર્વે નં.૧૫૧, ૧૫૨, બાયપાસ રોડ, અમરેલી.

સેલ્સ : 99046 49999 સર્વિસ : 99045 49999

Hero
GO BIG GO XOOM
XOOM
LED TAIL LAMP
DIGITAL SPEEDOMETER
Navnit Hero

Near Gopi Cinema, Station Road, Amreli-365601

+91 92899 22254

navnit@heromotocorp.biz

HONDA The Power of Dreams
Shine 100cc
HONDA
Honda Shield 3+3 years warranty
સપના કરશે સાકાર...

કિંમત રૂા. 64,900/-* થી શરૂ

સૌથી સસ્તુ બાઈક

સાથે ISI માર્કાવાળુ ફ્રી હેલ્મેટ તદ્દન મફત

ઓથો.ડિલર પરીખ હોન્ડા

રેલ્વે સ્ટેશન સામે, સ્ટેશન રોડ, અમરેલી. ફોન : (૦૨૭૯૨) ૨૨૨૨૦૧/૦૨ મો. ૯૭૨૨૨ ૩૨૩૨૨

વરસાદથી ઘરોમાં પાણી ભરાયા

ગીર સોમનાથમાં અનરાધાર વરસાદથી જળબંબાકાર

અનરાધાર વરસાદ બાદ વેરાવળ નજીક બાદલપરા ગામમાં બ્રીજ પર સરસ્વતી નદીના પાણી ફરી વળ્યા હતા

ગીર સોમનાથ, તા.૧૯

રાજ્યમાં ચોમાસાના ત્રીજા રાઉન્ડની ધમાકેદાર શરૂઆત થઈ છે. ગીર સોમનાથમાં અનરાધાર વરસાદ વચ્ચે સોનારિયામાં જળબંબાકારની સ્થિતિ સર્જાઈ છે. લોકોના ઘરમાં પાણી ભરાયા છે. રસ્તા જળમગ્ન થયા છે. મેઘરાજાએ કરેલી ધમારેદાર બેટિંગથી પૂર જેવી સ્થિતિ સર્જાઈ છે.

ગીર સોમનાથ વેરાવળના કેટલાક વિસ્તારોમાં પાણી ભરાયાં છે. આવાસ યોજના વિસ્તાર, બિહારીનગર, અન્નપૂર્ણા સોસાયટી બાયપાસ, શિવજી નગર, હરસિદ્ધિ સોસાયટી સહિતના વિસ્તારમાં ભારે વરસાદને પગલે પાણી ભરાયા છે. શેરીઓમાં પાણીની નદીઓ વહી રહી છે. ગીર સોમનાથમાં મેઘરાજાએ અનરાધાર વરસાદ વરસાવ્યો છે. ગઈકાલે વરસેલા ધોધમાર વરસાદથી હિરણ નદી તોફાની બની છે. સોમનાથ-કોડિનાર રોડ પર નદીમાં પાણીના તીવ્ર પ્રવાહ વહેતો થયો હતો. નદીના જળસ્તરમાં વધારો થતા શિતળા માતાના મંદિર તરફના માર્ગમાં પાણી ભરાયા હતા. વેરાવળ કોડીનાર નેશનલ હાઈવે બંધ થયો છે. સોનારિયા ગામ નજીક સરસ્વતી નદીના પાણી ફરી વળતા બંધ થયો છે. જયારે સુત્રાપાડા કોડીનાર હાઈવે પણ બંધ થયો છે. વાવડી નજીક રોડ પર પાણી ફરી વળતા બંધ થયો છે. ગીરસોમનાથમાં મેઘરાજાએ ધમાકેદાર બેટિંગ કરી છે.

અનરાધાર વરસાદ બાદ વેરાવળ નજીક બાદલપરા ગામમાં બ્રીજ પર સરસ્વતી નદીના પાણી ફરી વળ્યા હતા. ગીરના જંગલમાં અનરાધાર વરસાદ વરસતા રસ્તા પરથી પાણીનો પ્રવાહ વહેતો થયો છે. સોસાયટી સહિતના વિસ્તારમાં ભારે વરસાદને પગલે પાણી ભરાયા છે. શેરીઓમાં પાણીની નદીઓ વહી રહી છે.

સૌરાષ્ટ્રમાં મેઘરાજાએ ભુક્કા બોલાવ્યા

ગીર સોમનાથ નેશનલ હાઇવે પર પાણી ફરી વળ્યા

સતત વરસતા વરસાદને કારણે અનેક રોડ રસ્તા બંધ થયા છે, વેરાવળ કોડીનાર નેશનલ હાઇવે બંધ કરી દેવામાં આવ્યો છે

ગીર સોમનાથ, તા.૧૯

સૌરાષ્ટ્રમાં મંગળવારથી આજ સુધી ધોધમાર વરસાદ વરસી રહ્યો છે. અધિક માસમાં મેહુલિયો સાંબેલાધાર બેટિંગ કરી રહ્યો છે. ત્યારે ગીર સોમનાથમાં ભારે વરસાદને કારણે નેશનલ હાઈવે પર પણ ધસમસતા પ્રવાહ ફરી વળ્યા છે. સુત્રાપાડા ફાટક અને વેરાવળ વચ્ચેનો રોડ ધોવાયો છે.

વેરાવળના સોનારિયા ગામ નજીક હાઈવે પર પણ ધોવાણ થયું છે. ધોવાણ થતા નેશનલ હાઈવે બંધ કરાયો છે. કપિલા નદીના પાણીને કારણે હાઈવે બંધ કરાયો છે. ગીર સોમનાથમાં અનરાધાર આફત આવી છે. સુત્રાપાડા અને વેરાવળમાં સતત બીજા દિવસે અનરાધાર વરસાદ વરસી રહ્યો છે. વેરાવળમાં આજે બે કલાકમાં ૩.૫ ઈંચ વરસાદ ખાબક્યો છે. તો સુત્રાપાડામાં ૨.૫ ઈંચ વરસાદ નોંધાયો છે. જયારે કોડીનારમાં એક ઈંચ વરસાદ નોંધાયો છે. સતત વરસતા વરસાદને કારણે અનેક રોડ રસ્તા બંધ થયા છે. વેરાવળ કોડીનાર નેશનલ હાઈવે બંધ કરી દેવામાં આવ્યો છે. સોનારિયા ગામ નજીક સરસ્વતી નદીના પાણી ફરી વળ્યા છે. તો સુત્રાપાડા કોડીનાર હાઈવે પણ બંધ થયો છે. વાવડી નજીક રોડ પર પાણી ફરી વળતા બંધ થયો છે. ભારે વરસાદને કારણે પ્રાચી તીર્થની સરસ્વતી નદી પણ તોફાની બની છે. ગીર જંગલ અને તાલાળામાં ધોધમાર વરસાદથી પાણી પાણી થયા છે. નદીનો જળ સ્તર વધતા પ્રાચી તીર્થના કેટલાક વિસ્તારો પાણી ભરાયાં છે. નિચાણવાળા વિસ્તારોમાં પાણી ભરાયાં છે. પાછલા ૨૪ કલાકમાં રાજ્યના ૧૭૬ તાલુકાઓમાં વરસાદ નોંધાયો છે. જેમાં સૌથી વધુ ૨૨ ઈંચ જેટલો વરસાદ સૌરાષ્ટ્રમાં ખાબક્યો છે. ભારે વરસાદના કારણે સુત્રાપાડા, વેરાવળ, તલાલા, ધોરાજી, કોડિનાર સહિતના ભાગોમાં ભારેથી અત્યંત ભારે વરસાદ ખાબક્યો છે. રાજ્યના દક્ષિણ તથા મધ્ય ગુજરાતમાં પણ વરસાદ નોંધાયો છે. પાછલા ૨૪ કલાકમાં મેઘરાજાએ ધડબડાટી બોલાવી છે જેમાં ગીર સોમનાથના સુત્રાપાડામાં **541mm** (૨૧.૨ ઈંચ) વરસાદ થયો છે, આ સિવાય ગીર સોમનાથના વેરાવળમાં **481mm** (૧૮.૯ ઈંચ), તલાલામાં **299mm** (૧૧.૭ ઈંચ), રાજકોટના ધોરાજીમાં **295mm** (૧૧.૬ ઈંચ), ગીર સોમનાથના કોડિનારમાં **218mm** (૮.૫ ઈંચ) વરસાદ થયો છે.

રોડ, ટ્રાફિક અને રખડતા ઢોર મુદ્દે હાઈકોર્ટમાં સુનાવણી

પીક અવર્સમાં મોટા જંકશન પર પોલીસ મુકો : હાઈકોર્ટ

પીક અવર્સમાં ટ્રાફિક સરળતાથી ચાલવો જોઈએ, રાત્રે ટ્રાફિક પોલીસ મુકવાની જરૂર નથી : હાઈકોર્ટની ટિપ્પણી

અમદાવાદ, તા.૧૯

ગુજરાત હાઈકોર્ટમાં રોડ, ટ્રાફિક અને રખડતા ઢોર મુદ્દે સુનાવણી હાથ ધરવામાં આવી હતી. કોર્ટે ટ્રાફિકના મુદ્દે સરકાર અને એએમસીસામે લાલઆંખ કરી હતી. અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા નવી ઢોર પોલીસીને મંજુરી અપાઈ છે અને તેને લઈને રાજ્ય સરકારે પણ હાઈકોર્ટમાં સોગંદનામું રજૂ કરી દીધું છે.એએમસીની સ્ટેન્ડિંગ કમિટીએ શહેરમાં રખડતા ઢોરને લઈ બનાવેલી પોલીસીને મંજુરી આપતાં રાજ્ય સરકાર તેનો અભ્યાસ કરશે. આ પોલીસી રાજ્યની અન્ય પાલિકાઓના વિસ્તારમાં લાગુ કરી શકાય કે કેમ તે અંગે ચકાસણી કરવામાં આવશે. ત્યારબાદ સમગ્ર રાજ્યમાં આ પોલીસીને લાગુ કરવાની મંજુરી માટે તેને રાજ્ય સરકાર સમક્ષ મોકલવામાં આવશે.

હાઈકોર્ટમાં આજે અમદાવાદ શહેરની ટ્રાફિકની સમસ્યાને લઈને પણ સુનાવણી હાથ ધરવામાં આવી હતી. જેમાં અરજદારે જણાવ્યું હતું કે, હાઈકોર્ટે અગાઉ એએમસીના એસ્ટેટ વિભાગને ટ્રાફિકને નડતરરૂપ દબાણ હટાવવા હૂકમ કર્યો હતો. રાજ્ય સરકાર અને અમદાવાદ પોલીસ કમિશ્નરને કોર્ટે કહ્યું હતું કે, અમે જોઈએ છીએ કે બધી જ લારીઓ, ફાસ્ટફૂડ, પાનના ગલ્લા જ્યાં હોય ત્યાં લોકોએ ટ્રાફિકનો સામનો કરવો પડે છે. અડધા રોડ ગેરકાયદેસર પાર્કિંગથી ભરેલા છે. રાજ્ય સરકાર વતી કહેવાયું હતું કે, પોલીસ ઓથોરિટી તેને મોનીટર કરી રહી છે. સીસીટીવીદ્વારા ટ્રાફિક પર નજર રખાય છે. ટ્રાફિકના નિયમોનો ભંગ કરનારને ઈ-ચલણ રૂપે દંડ કરાય છે.

આ મુદ્દે કોર્ટે કહ્યું હતું કે લોકો ‘નો પાર્કિંગ ઝોન’માં પણ પાર્કિંગ કરી જાય છે. લોકો કાયદાનું પાલન નથી કરતા એટલે જ તો કાયદાના અમલની જરૂર છે. તમારે પીક અવર્સમાં શહેરના મોટા જંકશન પર પોલીસ કર્મચારીઓ મુકવા જોઈએ. ચોવીસ કલાક રસ્તાઓ પર પોલીસ રાખવાની જરૂર નથી. કોર્ટે સરકારની ઝાટકણી કાઢીને કહ્યું હતું કે, પીક અવર્સમાં ટ્રાફિક સરળતાથી ચાલવો જોઈએ. રાત્રે ટ્રાફિક પોલીસ મુકવાની જરૂર નથી.

બિઝનેસ અવર્સ અને ઓફીસ અવર્સમાં ટ્રાફિકનું ધ્યાન રાખવું જોઈએ. આ સમય સવારે ૩ કલાક અને સાંજે ૪ કલાકનો હોય છે.કોર્ટે સરકારને કહ્યું હતુ કે, ઈસ્કોન, પકવાન, જજીસ બંગલો, નારણપુરામાં વિસ્તારોમાં સાંજે આંટો મારી આવો તો તમને ટ્રાફિકની ખબર પડે. પેટ્રોલ પમ્પથી પેટ્રોલ ભરાવીને લોકો રોંગ સાઈડમાં આવે છે. આ મુદ્દે ૨૫ જુલાઈએ વધુ સુનવણી હાથ ધરાશે.

સીમા હૈદરની યુપી એટીએસ દ્વારા સતત પૂછપરછ

સીમા હૈદરનું એક જ રટણ, સચિનના પ્રેમમાં ભારત આવી

સચિન અને સીમાને સામસામે બેસાડીને ક્રોસ ક્વેશ્ચનીંગ કરાઈ, જેમાં અત્યાર સુધી મોટી વાત બહાર આવી નથી

લખનૌ, તા.૧૯

પાકિસ્તાનથી ભારત આવેલી સીમા હૈદરની યુપી એટીએસ સતત પૂછપરછ કરી રહી છે. સીમાથી અજાણ્યા સ્થળે છેલ્લા કેટલાય કલાકોથી પૂછપરછ ચાલી રહી છે. એટીએસના સૂત્રોના જણાવ્યા પ્રમાણે સીમાને જે પણ સવાલ પૂછવામાં આવે છે, તેના જવાબમાં તે માત્ર એટલું જ કહી રહી છે કે હું સચિનના પ્રેમમાં અહીં આવી છું. સીમાએ પૂછપરછ દરમિયાન નોઈડા પોલીસને પણ આવો જ જવાબ આપ્યો હતો. આ કેસમાં સચિન અને સીમાને સામસામે બેસાડીને ક્રોસ ક્વેશ્ચ્નીંગ કરવામાં આવી હતી. જેમાં અત્યાર સુધી કોઈ મોટી વાત બહાર આવી નથી.

એટીએસના સૂત્રોના જણાવ્યા અનુસાર સીમાએ ખૂબ જ કડક પ્રોફેશનલ ટ્રેનિંગ મેળવી હશે. જેના કારણે તે ખૂબ જ સાવચેતીથી જવાબો આપી રહી છે. આથી પોલીસ હવે પૂછપરછ દરમિયાન મનોવૈજ્ઞાનિકને તેમની સાથે બેસાડી શકે છે. જેથી સીમા પર બારીકાઈથી નજર રાખી શકાય.

યુપી એટીએસની ટીમે સીમા અને સચિનને એકસાથે બેસાડ્યા અને ઘણા મહત્વના પુરાવાઓની પૂછપરછ કરી હતી. જેમાં નેપાળમાં તેમની મુલાકાત અંગે પણ સવાલો પૂછવામાં આવ્યા હતા.

અગાઉ કહેવામાં આવ્યું હતું કે બોર્ડર પરથી બે પાસપોર્ટ મળી આવ્યા છે. આ સિવાય પોલીસને તેની પાસેથી એક ઓળખ પાત્ર પણ મળ્યું છે. પોલીસ પાસેથી પ્રાપ્ત માહિતી અનુસાર, સીમા અને સચિન નેપાળમાં પણ મળ્યા હતા, જયાં બંને લગભગ એક અઠવાડિયા સુધી એક હોટલમાં રહ્યા હતા.

સીમા મે મહિનામાં ગેરકાયદેસર રીતે ભારતમાં પ્રવેશી હતી અને હવે તે તેના ભારતીય પાર્ટનર સચિન મીના સાથે ગ્રેટર નોઈડામાં રહે છે. સીમા પાસે ઘણા ફોન અને અન્ય વસ્તુઓ મળવાના કારણે તેના પર શંકા થઈ હતી, ત્યારબાદ યુપી એટીએસએ તેને કસ્ટડીમાં લીધી હતી. સીમા અને સચિનની ૪ જુલાઈએ ગ્રેટર નોઈડા પોલીસે ધરપકડ કરી હતી, પરંતુ કોર્ટે ૭ જુલાઈએ બંનેને જામીન આપ્યા હતા.

દેશવિરોધી ગતિવિધિઓમાં સંડોવણીની શંકા

બેંગલુરૂમાંથી પાંચ શંકાસ્પદ આતંકવાદીઓની ધરપકડ

સીસીબીએ સેન્ટ્રલ ઈન્ટેલિજન્સ વિભાગ સાથે સંયુક્ત ઓપરેશનમાં પાંચ શકમંદોની ધરપકડ : વિસ્ફોટક મળ્યા

બેંગલુરૂ, તા.૧૯

બેંગલુરુમાં પોલીસે પાંચ શંકાસ્પદ આતંકવાદીઓની ધરપકડ કરી છે. સેન્ટ્રલ ક્રાઈમ બ્રાન્ચે દેશવિરોધી ગતિવિધિઓમાં સંડોવણીની શંકાના આધારે આ ધરપકડ કરી છે.

સીસીબીએ સેન્ટ્રલ ઈન્ટેલિજન્સ વિભાગ સાથે સંયુક્ત ઓપરેશનમાં પાંચ શકમંદોની ધરપકડ કરી છે. તેમની પાસેથી વિસ્ફોટક સામગ્રી પણ મળી આવી છે. સીસીબીએ સીઆઈડી સાથે મળીને સંયુક્ત ઓપરેશનમાં જુનૈદ, સોહેલ, ઉમર સહિત ૫ શકમંદોની ધરપકડ કરી હતી.

તેમની પાસેથી મોબાઈલ ફોન મળી આવ્યો હતો જેને તેમનાં સામાન સહિત જપ્ત કરવામાં આવ્યો છે. હાલ સીસીબી માદીવાલા ટેકનિકલ સેલમાં તમામ શંકાસ્પદ આતંકવાદીઓની પૂછપરછ કરવામાં આવી રહી છે. તેમને શંકા છે કે આ શકમંદો સાથે વધુ ૨ શંકાસ્પદ લોકો જોડાયેલા છે.

તપાસ એજન્સીને શંકા છે કે આ શકમંદોએ બેંગલુરુમાં વિસ્ફોટ કરવાની યોજના બનાવી હતી. આ પાંચ શકમંદો વર્ષ ૨૦૧૭માં હત્યાના કેસમાં આરોપી હતા અને તેઓ પરપ્પના અગ્રાહરા સેન્ટ્રલ જેલમાં બંધ હતા, જે દરમિયાન તેઓ આતંકવાદીઓના સંપર્કમાં આવ્યા હતા.

પોલીસના જણાવ્યા અનુસાર ધરપકડ કરાયેલા તમામ શકમંદો બેંગલુરુના રહેવાસી છે. તે આતંકવાદીઓના સંપર્કમાં હતા અને તેમની પાસે આતંકવાદી ગતિવિધિઓની વિગતવાર માહિતી હતી. તેમણે વિસ્ફોટક સહિતની ઘણી ટેકનિકલ તાલીમ લીધી હતી.

તમામ શકમંદો એક ટીમ તરીકે કામ કરી રહ્યા હતા. શકમંદોએ બેંગલુરુમાં થયેલા વિસ્ફોટની માહિતી પણ આપી છે.

રેલવેએ યાત્રીઓના ઊંઘવાના સમયમાં ફેરફાર કર્યો

રેલવેના એસી-સ્લીપર કોચમાં રાતના ૧૦થી સવારના છ સુધી

આ નિયમ સ્લીપર કોચ ધરાવતી દરેક ટ્રેનોમાં લાગુ પડશે

નવી દિલ્હી, તા.૧૯

જો તમે પણ રેલવેમાં મુસાફરી કરતા હોવ તો આ સમાચાર તમારા માટે છે. રેલવે દ્વારા હવે ઊંઘવાના સમયમાં ફેરફાર કરવામાં આવ્યો છે. પહેલા રેલવે મુસાફરો વધુમાં વધુ ૯ કલાક ઊંઘી શકતા હતા, પરંતુ હવે ૮ કલાક જ ઊંઘી શકશે. આ પહેલા મુસાફરો એસી કોચ અને સ્લીપર કોચમાં રાતના ૯ વાગ્યાથી લઈને સવારે ૬ વાગ્યા સુધી જ ઊંઘવાની પરવાનગી હતી. પરંતુ હવે રેલવે દ્વારા આ સમયમાં ફેરફાર કરવામાં આવ્યો છે. જેમા હવેથી નવો સમય રાત્રીના ૧૦ વાગ્યાથી સવારના ૬ વાગ્યા સુધીનો કરવામાં આવ્યો છે. એટલે કે ઊંઘવાનો સમય ઘટાડીને ૮ કલાક કરવામાં આવ્યો છે. અને રેલવેનો આ નિયમ દરેક ટ્રેનોમાં લાગુ પડશે, જે ટ્રેનમાં ઊંઘવાની વ્યવસ્થા હોય છે. આ ફેરફાર એટલા માટે કરવામાં આવ્યો છે કે જેથી કરીને યાત્રાળુઓ સારી ઊંઘ કરી શકે. રાતના ૧૦ વાગ્યાથી સવારના ૬ વાગ્યા સુધી ઊંઘવાનો સમય બેસ્ટ માનવામાં આવે છે. જો તમે ટ્રેનમાં મુસાફરી કરો છો તો આ નવા નિયમનું પાલન કરશો.

આ બાબતે માહિતી આપતા અધિકારીએ કહ્યુ કે લોઅર બર્થમાં મુસાફરી કરતાં યાત્રાળુઓ ઘણા સમયથી ફરિયાદ કરી રહ્યા હતા. જેમા ઘણા લોકો ઘણી મોડા સુધી ઊંઘતા રહેતા હતા. અને તેના કારણે નીચેની સીટવાળા લોકો હેરાન થતા હતા. અને તેના કારણે ઘણીવાર મુસાફરો વચ્ચે ઝઘડા થતા હતા. રેલવે દ્વારા આ આપવામાં આવેલ આ નવા નિયમનું પાલન કરવું જરુરી છે.

જેમા હવેથી નવો સમય રાત્રીના ૧૦ વાગ્યાથી સવારના ૬ વાગ્યા સુધીનો કરવામાં આવ્યો છે. એટલે કે ઊંઘવાનો સમય ઘટાડીને ૮ કલાક કરવામાં આવ્યો છે. અને રેલવેનો આ નિયમ દરેક ટ્રેનોમાં લાગુ પડશે. અને જો તમે આ નિયમ પાલન કરવામાં ભૂલ કરશો તો તમારા વિરુદ્ધ કાર્યવાહી કરવામાં આવશે.

૨૦૨૪માં લોકસભા ચૂંટણી માટે વિપક્ષો ભેગા થયા

વિપક્ષોની નવી ટેગલાઈન, ભારત જોડાશે, ઈન્ડિયા જીતશે

બેંગલુરુની બેઠકમાં ઘણા નેતાઓને લાગ્યું કે ગઠબંધનના નામમાં ભારત શબ્દનો સમાવેશ થવો જોઈએ

નવી દિલ્હી, તા.૧૯

વિરોધ પક્ષોના ગઠબંધન ભારત માટેની ટેગલાઈન ’જીતેગા ભારત બની શકે છે. આ પહેલા વિપક્ષી પાર્ટીઓએ તેમના ગઠબંધનનું નામ ’ઈન્ડિયા’ જાહેર કર્યું હતું. આ ટેગલાઈન ૨૦૨૪ના લોકસભા પ્રચાર માટે પસંદ કરવામાં આવી શકે છે.

આ વચ્ચે કોંગ્રેસ નેતા રાહુલ ગાંધીએ પણ ટ્વીટ કરીને લખ્યું કે, ’ભારત જોડાશે, ઈન્ડિયા જીતશે’. સૂત્રોના જણાવ્યા અનુસાર આ હિન્દી ટેગલાઈન અનેક પ્રાદેશિક ભાષાઓમાં બને તેવી શક્યતા છે. બે દિવસ પહેલા બેંગલુરુમાં બેઠક દરમિયાન ઘણા નેતાઓને લાગ્યું કે ગઠબંધનના નામમાં ’ભારત’ શબ્દનો સમાવેશ થવો જોઈએ. એક વરિષ્ઠ નેતાએ જણાવ્યું કે બેઠકમાં નિર્ણય લેવામાં આવ્યો છે કે આને ટેગલાઈનમાં સામેલ કરવામાં આવશે. મહારાષ્ટ્રના ભૂતપૂર્વ મુખ્યમંત્રી ઉદ્ધવ બાળાસાહેબ ઠાકરેએ સૂચવ્યું કે વિપક્ષી ગઠબંધનની હિન્દી ટેગલાઈન હોવી જોઈએ. ઈન્ડિયાનું નામ ગઈકાલે બેંગલુરુમાં સમાપ્ત થયેલી બેઠક દરમિયાન નક્કી કરવામાં આવ્યું હતું.

આ ઈન્ડિયાનું પૂર્ણ નામ ’ભારતીય રાષ્ટ્રીય લોકશાહી સર્વસમાવેશી જોડાણ’ છે.

વિપક્ષો એનડીએને હરાવવા એક થયા

વિપક્ષોને માયાવતીનું સમર્થન નહીં, એકલા ચૂંટણી લડીશું : માયાવતી

કોંગ્રેસ જાતિવાદી પક્ષો સાથે ગઠબંધન કરી રહી છે, અમે બંને ગઠબંધનના સમર્થનમાં નથી : યુપીનાં પૂર્વ મુખ્યમંત્રી

લખનૌ, તા.૧૯

વિપક્ષી દળોએ મળીને ઈન્ડિયા નામના નવા ગઠબંધનની જાહેરાત કરી દીધી છે. ત્યારે એનડીએએ પણ તેનું શક્તિ પ્રદર્શન કરી દીધું છે. આ દરમિયાન એવા ઘણાં મોટા પક્ષો છે જેમણે હજુ સુધી આ બંને ગઠબંધનમાંથી કોઈને સમર્થન જાહેર કર્યું નથી. તેમાં માયાવતીની બહુજન સમાજ પાર્ટી (બીએસપી) પણ સામેલ છે. આ દરમિયાન માયાવતીએ તેમનું વલણ સ્પષ્ટ કરી દીધું હોય તેમ કહી દીધું કે અમે રાજસ્થાન અને છત્તીસગઢમાં ચૂંટણી એકલા જ લડીશું. કોંગ્રેસ જાતિવાદી પક્ષો સાથે ગઠબંધન કરી રહી છે. અમે બંને ગઠબંધનના સમર્થનમાં નથી.

માયાવતીએ કહ્યું કે પંજાબ અને હરિયાણામાં અમારી પાર્ટી સાથી પક્ષો સાથે મળીને લડશે. બસપાએ લોકસભા ચૂંટણી પણ એકલા લડવાની જાહેરાત કરી દીધી છે. તેમણે કોંગ્રેસ સામે નિશાન તાકતાં કહ્યું કે તે ચૂંટણી જીત્યા બાદ તેના વાયદાઓની જેમ હવા હવાઈ થઈ જાય છે. વિપક્ષી ગઠબંધનમાં સામેલ તમામ પક્ષો ચૂંટણી જીતવાના સપના જોઈ રહ્યા છે.

શેરબજારમાં જોરદાર તેજી જોવા મળી

સેન્સેક્સમાં ૩૦૨ અને નિફ્ટીમાં ૮૪ પોઈન્ટનો ઊછાળો નોંધાયો

આઈટી અને ઓટો ઈન્ડેક્સમાં નજીવો ઘટાડા થયો : અન્ય તમામ ક્ષેત્રીય ઈન્ડેક્સમાં તેજી સાથે કારોબાર બંધ થયો

મુંબઈ, તા.૧૯

ટ્રેડિંગના અંતે સેન્સેક્સ ૩૦૨.૩૦ પોઈન્ટ અથવા ૦.૪૫ ટકાના વધારા સાથે ૬૭,૦૯૭.૪૪ પર બંધ થયો હતો. જ્યારે બીજી તરફ નિફ્ટી ૮૩.૯૦ પોઈન્ટ એટલે કે ૦.૪૨ ટકાના વધારા સાથે ૧૯૮૩૩.૧૫ ના સ્તર પર બંધ થયો હતો.આજે ખુલતા સમયે શેરબજારે જે જબરદસ્ત ગ્રોથ બતાવી હતી તે જબરદસ્ત ગ્રોથ બજાર બંધ સમયે પણ જોવા મળી છે. શેરબજાર આજે ખુલ્યા પછી તરત જ મજબૂત તેજી સાથે નવી ઊંચાઈને સ્પર્શ્યું હતું અને ઈન્ટ્રા-ડે દરમિયાન પણ ઊંચા સ્તરે ટ્રેડ થયું હતું. આજના કારોબારમાં જ, બીએસઈસેન્સેક્સ ૬૭,૧૪૬.૮૨ ની સર્વકાલીન ઉચ્ચ સપાટીને સ્પર્શી ગયો હતો અને તેણે ઉત્તમ બિઝનેસ પ્રદર્શન દર્શાવ્યું હતું. તો બીજી તરફ, નિફ્ટીએ ઈન્ટ્રાડેમાં ૧૯,૮૪૩.૮૫ ની ઊંચી સપાટી દર્શાવી હતી, જે તેની અત્યાર સુધીની સર્વોચ્ચ સપાટી છે અને આ બજારની સતત વધતી જતી મજબૂતાઈ દર્શાવવા માટે પૂરતી છે.

આઈટી અને ઓટો ઈન્ડેક્સમાં નજીવા ઘટાડા સાથે આજે કારોબાર બંધ થયો છે અને આ સિવાય અન્ય તમામ ક્ષેત્રીય ઈન્ડેક્સમાં તેજી સાથે કારોબાર બંધ થયો છે. પીએસયુબેંકોમાં મહત્તમ તેજી જોવા મળી છે, જે લગભગ ૨ ટકાના ઉછાળા સાથે બંધ થવામાં સફળ રહી છે. મીડિયા શેરોમાં ૧.૧૩ ટકાનો વધારો થયો છે અને કન્ઝ્યુમર ડ્યુરેબલ્સમાં લગભગ ૧ ટકાની મજબૂતાઈ નોંધાઈ છે. ઓઈલ અને ગેસ શેર ૦.૬૬ ટકાની મજબૂતાઈ સાથે બંધ થવામાં સફળ રહ્યા છે. ફાઈનાન્શિયલ સર્વિસિસમાં ૦.૫૭ ટકાનો વધારો નોંધાયો હતો અને નિફ્ટી બેંકમાં ૦.૫૭ ટકાના વધારા સાથે બિઝનેસ બંધ થયો હતો. આજે બીએસઈપર બજારનું માર્કેટ કેપિટલાઈઝેશન રૂ. ૩૦૪.૬૮ લાખ કરોડ થયું છે, જે રોકાણકારોની સતત વધતી સંપત્તિ દર્શાવે છે. ગઈ કાલે ટ્રેડિંગના અંતે બીએસઈપર લિસ્ટેડ કંપનીઓનું માર્કેટ કેપ રૂ. ૩૦૩.૧૧ લાખ કરોડ હતું. આજે શેરબજારની શરૂઆત થતા જ બીએસઈનો ૩૦ શેરો વાળા ઈન્ડેક્સ સેન્સેક્સ ૧૦૯.૮૭ પોઈન્ટ એટલે કે ૦.૧૬ ટકાના વધારા સાથે ૬૬,૯૦૫.૦૧ ના સ્તર પર ખુલ્યો હતો. આ સિવાય એનએસઈનો નિફ્ટી ૫૩.૭૦ પોઈન્ટ એટલે કે ૦.૨૭ ટકાના વધારા સાથે ૧૯,૮૦૨.૯૫ ના સ્તર પર ખુલ્યો. ઈન્ડસઈન્ડ બેંક, એનટીપીસી, ઈન્ફોસિસ, ટેક મહિન્દ્રા, એપોલો હોસ્પિટલ્સઅને નિફ્ટી પર ટોપ ગેઈનર્સ હતા, જ્યારે હિન્દાલ્કો ઈન્ડસ્ટ્રીઝ, આઈશર મોટર્સ, સિપ્લા, નેસ્લે ઈન્ડિયા અને એમએન્ડએમટોપ [illegible] હતા.

રેલવેનો કાયદાનો કડક અમલ કરવા નિર્દેશ

ગેરકાદે પાટા ઓળંગતા-સેલ્ફી લેનારાઓને દંડ-જેલ કરાશે

ઉત્તર રેલવેના જનરલ મેનેજર શોભન ચૌધરીએ પાંચ રેલવે મંડળના મેનેજર તથા અધિકારીઓ સાથે સમીક્ષા બેઠક યોજી

નવી દિલ્હી, તા.૧૯

હવેથી રેલવેના પાટા ગેરકાયદે રીતે ઓળંગતા કે પછી પાટાની નજીકમાં કે પાટા પર ચાલતા સેલ્ફી લેતાં પકડાયાં તો ભારે પડી જશે.

રેલવેએ આ મામલે કડક વલણ અપનાવ્યું છે. સ્પષ્ટ રીતે અધિકારીઓને નિર્દેશ આપવામાં આવ્યો છે કે રેલવેના પાટાને ગેરકાયદે રીતે ઓળંગનારા લોકો સામે રેલવેના કાયદાની વિવિધ જોગવાઈઓ હેઠળ પકડીને દંડ વસૂલવામાં આવે અને જરૂરી હોય તો તેમને જેલ મોકલાય.

ઉત્તર રેલવેના જનરલ મેનેજર શોભન ચૌધરીએ પાંચ રેલવેમંડળના મેનેજર તથા અધિકારીઓ સાથે આ મામલે સમીક્ષા બેઠક યોજી હતી. આ બેઠકમાં રેલવેના પાટા નજીકના અતિક્રમણની સાથે જ પાટાને ઓળંગવા મુદ્દે પણ ચર્ચા કરવામાં આવી હતી. તેને લઈને ચૌધરીએ કડક પગલાં ભરવાનો નિર્દેશ આપ્યો હતો. કાયદા હેઠળ જેલ મોકલવાની પણ તૈયારી બતાવવામાં આવી છે. બેઠકમાં કહેવાયું કે રેલવેના ફાટકની આજુબાજુ થયેલા અતિક્રમણને લીધે ટ્રેનોના સંચાલનમાં મોટો અવરોધ પેદા થાય છે. આ ઉપરાંત હાઈસ્પીડ રેલવે સેક્શનના કિનારે બાઉન્ડ્રી વૉલનું નિર્માણ કરાશે એટલા માટે અતિક્રમણ હટાવવું જરૂરી થઈ ગયું છે. બેઠકમાં કહેવાયું કે રેલવે માટે સુરક્ષા સર્વોપરી છે.

ઘરે-ઘરે વર્તમાનપત્ર પહોંચાડનાર ફેરિયાઓની કહાની સંઘર્ષમય છે

ફેરિયા વગરનો સૂનો અખબારી
આલમ...
સ્થાનિક, પ્રાદેશિક, રાષ્ટ્રીય,
આંતરરાષ્ટ્રીય...
તમામે તમામ અખબારોનો પ્રાણ
ગણો કે
હાથ પગ ગણો... એ છે ફેરિયા.

દુનિયાનું કોઈપણ અખબાર એવું નથી કે, જે કોઈપણ એક ફેરિયાનાં હાથમાંથી પસાર ન થતું હોય.

માત્રને માત્ર જો એક દિવસ ફેરિયા વગરનો કલ્પના કરો તો એક પણ ઘેર છાપુ જ ન પહોંચે. અખબારી પ્રેસ કે જેનાં પૈડા કોરોના જેવા કપરા સંજોગોમાં પણ થંભ્યા ન હતાં તે ફેરિયા ધારે તો થંભાવી શકે એટલી તાકાત ધરાવે છે, પણ આ એક જ મજૂર એવો છે જે સંગઠિત નથી. જયારે ગામ વ્હેલી સવારની મીઠી નીંદર માંણતું હોય ત્યારે ફેરિયા સવારે પાંચ વાગ્યે છાપાની ટેકસીની રાહ જોઈને બેઠા હોય અને જયારે દુનિયા ઊંઘમાંથી ઊઠીને ચા, કોફી પીતા હોય તે પહેલાં તેના આંગણામાં છાપુ પહોચી ગયું હોય.

ફેરિયાઓની વચ્ચે જઈને તેની અંદરની વાતો મેળવવાની કોશિશ કરીએ તો ઘર ઘર કી કહાની જાણવા મળે. છાપું આપવામાં સહેજ પણ વહેલા મોડું થયું એટલે બિચારાનું આવી બને..!! છાપાનો ઘા આડો અવળો થઈ ગયો તો પણ સામેવાળો જે આડી અવળી ચોપડાવે તે મુંગે મોઢે સહન કરવાનું, નહિતર નોકરી જોખમમાં આવી જાય. કયાં કઈ શેરીમાં કુતરા કરડે છે..! કયાં કુતરી તાજી વિયાણી છે તેનો ખ્યાલ રાખવો પડે..!! વહેલી સવારે ઘેર ઘેર છાપુ પહોંચાડતા ફેરિયાઓમાંથી ઘણા વિદ્યાર્થિઓ હોય છે. કાલેજ કે હાઈસ્કૂલમાં અભ્યાસ કરતા કરતા વ્હેલી સવારે બે કલાક કામ કરીને પોતાનો તમામ ખર્ચો કાઢી લેતાં હોય છે. તો ઘણાં માત્ર શોખ ખાતર પોકેટ મની માટે કામ કરતા હોય છે. આમાં બહુ વળતર મળતું નથી, કારણકે પેપર એજન્ટને જે તે અખબાર તરફથી કમિશન મળતું હોય તેમાંથી બીજા ખર્ચા બાદ કરીને વધે તેમાંથી ફેરિયાના ભાગે પડતું આવે. પરંતુ અમુકના જીવનનો આધાર જ આના પર હોય છે. અમુક ફેરિયા તો પોતાની પેપર પહોંચાડવાની લાઈન સિવાયનાં સમયમાં રોકડેથી છૂટક નકલો આખો દિવસ વેચતા હોય છે. સવારથી બપોર સુધી હજાર ઘરમાં એક ફેરિયો ફરી વળતો હોય છે. પણ હવે નવી પેઢી ફેરિયાનાં કામથી મોઢું ફેરવવા લાગ્યાં છે કારણકે આ લાઈનમાં સવારે ખૂબજ વહેલું ઉઠવું પડે અને અત્યારની પેઢીને કોઈપણ સંજોગોમાં આ પરવડે નહીં..!! હાં.. આખી રાત કામ કરવા તૈયાર છે... અત્યારે સોશ્યલ મીડિયા (સોફ્ટ કોપી) નાં વાવાઝોડા સામે પ્રિન્ટ રૂપે (હાર્ડ કોપી) હાથો હાથ પહોંચાડવી એ ખૂબજ અઘરૂં બની ગયું છે. ત્યારે કયાં સુધી અદ્યતન ટેકનિક સામે ટકી રહેશે એ પણ સવાલ છે.

આજે તો આ એક કયારેય ધ્યાનમાં નહીં આવેલ... ફેરિયાની જાત.. વીશે લખીને, સાવરકુંડલા સ્થિત ફ્રી લાન્સ જર્નલિસ્ટ અને શૈક્ષણિક અગ્રણી પ્રતાપભાઈ ખુમાણ તમામ અખબારોને વિનંતી કરે છે કે, આ અસંગઠિત ફેરિયાઓ જેમણે કયારેય કોઈ પ્રકારની આશા અપેક્ષા રાખી નથી. તેમનાં માટે, તેમનાં પરીવાર માટે, તેમનાં બાળકોનાં ભવિષ્ય એવા શિક્ષણ માટે અથવા સામૂહિક જીવન જુથ વીમા કે અકસ્માત જૂથ વીમા જેવુ એકાદ કદમ ઉઠાવીને થોડું ઘણું પણ મદદરૂપ થવાની જરૂર છે.

– પ્રતાપભાઈ ખુમાણ,
સાવરકુંડલા

લાયન્સ કલબ ઓફ અમરેલી(સીટી) દ્વારા

ભૂરખીયા મુકામે વિનામૂલ્યે નેત્ર નિદાન અને નેત્રમણી આરોપણ કેમ્પ યોજાયો

રમાબેન અનિલભાઈ પારેખ મુંબઈનો આર્થિક સહયોગ

અમરેલી, તા. ૧૯

લાયન્સ કલબ ઈન્ટરનેશનલના સાઈટ ફર્સ્ટ પ્રોજેકટ હેઠળ લાયન્સ કલબ ઓફ અમરેલી(સીટી) શ્રી ભૂરખીયા હનુમાનજી ટ્રસ્ટ તથા શ્રી ભુરખીયા ચેરીટેબલ ટ્રસ્ટના સંયુકત ઉપક્રમે તેમજ રમાબેન અનિલભાઈ પારેખ પરિવારના આર્થિક સહયોગ દ્વારા અને સુદર્શન નેત્રાલયના સહયોગથી ૬૪મો વિનામૂલ્યે નેત્ર નિદાન અને નેત્રમણી આરોપણ કેમ્પ શ્રી ભુરખીયા હનુમાનજી મંદિર મુકામે તા. ૧૯.૦૭.૨૦૨૩ ને બુધવારે આયોજન કરવામાં આવેલ હતું.

નેત્ર નિદાન અને નેત્રમણી આરોપણ કેમ્પનું દીપપ્રાગટય લાયન્સ કલબ ઓફ અમરેલી(સીટી)ના પ્રમુખ લાયન કિશોરભાઈ શિરોયા ભૂરખીયા, હનુમાનજી ટ્રસ્ટના ટ્રસ્ટી અમરશીભાઈ પરમાર, જીતુભાઈ નિમાવત તેમજ નરસીભાઈ ડોડીયા દ્વારા કરવામાં આવેલ અને તેઓએ વધુમાં વધુ દર્દીઓએ લાભ લેવા અપીલ અને કેમ્પની સફળતા માટે શુભેચ્છાઓ પાઠવેલ હતી.

લાયન્સ કલબ ઓફ અમરેલી(સીટી) દ્વારા સમગ્ર લાયન વર્ષ ૨૦૨૩–૨૪ દરમ્યાન નેત્ર નિદાન અને નેત્રમણી આરોપણ કેમ્પના સુઆયોજનમાં સતત મદદરૂપ અને સહાય કરનાર શ્રી ભૂરખીયા હનુમાનજી મંદિર ટ્રસ્ટના વ્યવસ્થાપક ગોપાલભાઈ ચુડાસમા તથા દેવજીભાઈ સિંધવનું શાલ અને મોમેન્ટો આપી સન્માન કરવામાં આવ્યું હતું. સાથોસાથ વિરેન્દ્રભાઈ પઢીયાર અને જયદીપસિંહ ગોહિલનું પણ સન્માન કરવામાં આવ્યું હતું.

આ કેમ્પમાં આંખના રોગ જેવા કે મોતિયો, ઝામર, વેલ, પરવાળા તથા આંખની કીકી, પડદા તથા આંખના તમામ રોગોની તપાસ આંખના નિષ્ણાત ડોકટર દ્વારા કરવામાં આવેલ હતી તેમજ જરૂરિયાતમંદ દર્દીઓને મોતિયાના ટાંકા વગરના ઓપરેશન કરી નેત્રમણી આરોપણ કરી આપવામાં આવેલ હતા, તેમજ નેત્ર જાળવણી અને જાગૃતિ અંગેની ૬,૦૦૦ પત્રિકાનું આજુબાજુના ગામડામાં વિતરણ કરવામાં આવેલ હતું.

આ કેમ્પમાં ૧૧૩ દર્દીઓએ લાભ લીધો હતો અને ૪૨ દર્દીઓને અમરેલી સુદર્શન નેત્રાલયમાં લાવી નેત્રમણી આરોપણ કરવામાં આવેલ હતું. દરેક દર્દીઓના બ્લડ પ્રેશર તેમજ બ્લડ સુગર ચકાસવામાં આવેલ હતા.

જરૂરિયાતમંદ વ્યકિતઓના આંખના નંબર ચેક કરી ૨૯ વ્યકિતઓને ચશ્મા વિતરણ પણ કરવામાં આવેલ હતું. લાયન્સ કલબ ઓફ અમરેલી(સીટી) તેમજ સુદર્શન નેત્રાલયના સહયોગથી નિયમિત રીતે દર મહિનાના ત્રીજા બુધવારે ભૂરખીયા હનુમાનજી મંદિરમાં નેત્રમણી નિદાન અને સારવાર કેમ્પનું આયોજન થાય છે.

આ કેમ્પને સફળ બનાવવા માટે લાયન્સ કલબ ઓફ અમરેલી(સીટી) તરફથી પ્રમુખ લાયન કિશોરભાઈ શિરોયા, લાયન બિમલભાઈ રામદેવપુત્રા, લાયન એમ. એમ. પટેલ, લાયન સાહસભાઈ ઉપાધ્યાય, લાયન વિનુભાઈ આદ્રોજા તેમજ સુદર્શન નેત્રાલય તરફથી ડો. રિદ્ધિબેન લાખાણી, કિર્તીભાઈ ભટ્ટ, નિલેશભાઈ ભીલ, હિંમતભાઈ કાછડીયા અને તેમની ટીમ તેમજ ભુરખીયા હનુમાનજી મંદિરના પ્રમુખ દુષ્યંતભાઈ પારેખ, અનિલભાઈ પારેખ, સંચાલક ગોપાલભાઈ ચુડાસમા વગેરે દ્વારા જહેમત ઉઠાવવામાં આવેલ હતી.

અમરેલી જિલ્લા ભાજપ મહિલા મોરચા પ્રમુખ શ્રીમતિ ગોહેલનો આજે જન્મદિવસ

અમરેલી, તા. ૧૯

જન્મદિવસ નિમિતે બગસરાના સૌ દરીદ્રોને ભોજન કરાવશે. બગસરા ભારતીય જનતા પક્ષના વર્ષોથી સક્રીય કાર્યકર અને અમરેલી જિલ્લા ભાજપ મહીલા પ્રમુખ શ્રીમતિ રંજનબેન રમેશભાઈ ગોહેલનો આજે જન્મ દિવસ છે. તેમના જન્મદિવસ નિમિતે સેવાકીય કાર્ય કરી અન્નક્ષેત્રમા ગરીબ નારાયણને ૧૦૦ (સો)ટીફીન અને આંગણવાડીના બાળકોને બિસ્કિટ તથા ફ્રુટ વિતરણ કરી સાદગીથી ઉજવણી કરશે.

આ અવસરે તેમના સગા સંબંધી, મિત્રવર્ગ અને કાર્યકરતા આગેવાનો તેમના મો.નં. ૭૯૯૦૬ ૨૨૫૪૪ પર શુભેચ્છાઓ પાઠવશે.

અમરેલી વિધાનસભા વિસ્તારમાં આવતીકાલથી ' 'હાઉસ ટુ હાઉસ'' મતદાર યાદી સુધારણા કાર્યક્રમ

અમરેલી, તા. ૧૯

અમરેલી વિધાનસભા મતદાર વિભાગની મતદાર યાદી ક્ષતિરહીત બને તે હેતુથી તા. ૨૧/૦૭/૨૦૨૩ થી તા. ૨૧/૦૮/૨૦૨૩ સુધી જે તે મતદાન મથક વિસ્તારના બી.એલ.ઓ. કર્મચારી દ્વારા હાઉસ ટુ હાઉસ એટલે કે દરેક ઘરની મુલાકાત લેવામાં આવશે.

જેમાં દરેક મતદારની વિગતો એકત્ર કરવામાં આવશે. અવસાન પામેલ, કાયમી સ્થળાંતર પામેલ, બેવડાતા મતદારોના નામ કમી કરવા ફોર્મ નં.૭ ભરવામાં આવશે. તા.૧/૧૦/૨૦૨૩ ના રોજ ૧૮ વર્ષ થયેલ હોઈ તેવા નાગરીકોના ફોર્મ નં.૬ ભરવામાં આવશે. તેમજ ભાવી સંભવિત મતદારોની યાદી તૈયાર કરવાની કામગીરી હાથ ધરવામાં આવશે. આ ઉપરાંત ચૂંટણીકાર્ડમાં સુધારા, વધારા કરવા માટે ફોર્મ–૮ ભરવામાં આવશે. જેથી લાયક મતદારનું નામ મતદારયાદીમાં દાખલ કરવાનું બાકી ન રહે અને અવાસન પામેલ, કાયમી સ્થળાંતર પામેલ મતદારોના નામ કમી થાય તે માટે બી.એલ.ઓ.ને ઘરની મુલાકાત સમયે સાથ સહકાર આપવા તથા મતદારની સાચી માહીતી આપવા તમામ જનતાને અપીલ કરવામાં આવે છે.

યોગેશકુમાર જોષી, અવિનાશ જોષી અને જીજ્ઞેશભાઈ રાવળે

અમરેલી : મોંઘીબા મહિલા આર્ટસ કોલેજનાં ઈન્ચાર્જ પ્રિન્સીપાલનાં માર્ગદર્શન તળે પી.એચ.ડી.ની પદવી પ્રાપ્ત કરી

સંસ્કૃત વિષયનાં જુદા જુદા વિષયો ઉપર પી.એચ.ડી.ની પદવી પ્રાપ્ત કરી

અમરેલી, તા. ૧૯

સૌરાષ્ટ્ર યુનિવર્સિટીમાંથી સંસ્કૃત વિષયમાં ત્રણ અધ્યાપક–શિક્ષકોએ શ્રી અમરેલી જિલ્લા વિદ્યાસભા સંચાલિત માતુશ્રી મોંઘીબા મહિલા આર્ટસ કોલેજનાં સંસ્કૃત વિષયનાં ગોલ્ડ મેડાલિસ્ટ પ્રાધ્યાપક તથા ઈન્ચાર્જ પ્રિન્સિપાલ ડો. બી.આર. ચુડાસમાનાં માર્ગદર્શનમાં પી.એચ.ડી.ની ગૌરવપૂર્ણ પદવી પ્રાપ્ત કરી છે.

(૧) શ્રી ગોપીનાથજી મહિલા કોલેજ–સિહોરનાં પ્રિ. યોગેશકુમાર જોષીએ ''રામશંકર અવસ્થીકૃત વનદેવી મહાકાવ્ય કા કાવ્યપ્રકાશ કે સમીક્ષાત્મક અધ્યયન'' વિષય પર પી.એચ.ડી.ની પદવી પ્રાપ્ત કરી છે. (૨) દેવળા(ધારી) પ્રાથમિક શાળાનાં શિક્ષક અવિનાશભાઈ જોષીએ '' પરિભાષેન્દુશેખર ન્યાયસંગ્રહ્યો : પરિભાષાણાં તુલનાત્મકમ અધ્યયામ્'' એ વિષયમાં પી.એચ.ડી.ની પદવી પ્રાપ્ત કરી છે.

(૩) શ્રી સ્વામીનારાયણ મંદિર સાળંગપુરનાં શિક્ષક જીજ્ઞેશભાઈ મધુકાન્તભાઈ રાવલે '' એન એનાલીસીસ ઓફ ધી રુટ્સ ઓફ ધી શ્રીમદ્ ભગવદ્ગીતા સ્વામીનારાયણ ભાષ્ય એન્ડ ઈટ્સ કોન્ટ્રીબ્યુશન ઓફ ઈન્ડિયન ફીલોસોફી'' વિષય પર પી.એચ.ડી.ની પદવી પ્રાપ્ત કરી છે.

પી.એચ.ડી.ની પદવી પ્રાપ્ત કરનાર તમામને તથા માર્ગદર્શકને અમરેલી જિલ્લા વિદ્યાસભાનાં પ્રમુખ વસંતભાઈ ગજેરા, મંત્રી મનસુખભાઈ ધાનાણી, કિશોરભાઈ મહેતા, ચતુરભાઈ ખૂંટ તથા વિદ્યાસભા કેમ્પસ ડાયરેકટર હસમુખભાઈ ગધેસરીયા, કોલેજનાં સમગ્ર સ્ટાફગણ તથા વિદ્યાર્થીનીઓએ ખૂબ ખૂબ અભિનંદન અને શુભેચ્છાઓ પાઠવેલ છે.

''અમરેલી એકસપ્રેસ''
અમારૂ ઇ–મેઇલ એડ્રેસ
''અમરેલી એકસપ્રેસ''ના પત્રકારોને વિનંતી કે, ઈ–મેઈલ એડ્રેસ
amreliexpress7@gmail.com
પર ફોટોગ્રાફસ મોકલવા.
''અમરેલી એકસપ્રેસ'' દૈનિક
જિલ્લા મધ્યસ્થ બેંક પાછળ, અમરેલી.

અમરેલી ખાતે સેવાકીય સંસ્થા શકિતગૃપ દ્વારા સર્વરોગ નિદાન કેમ્પ યોજાયો

અમરેલીની સેવાભાવી સંસ્થા શકિત ગૃપ દ્વારા સ્વ. જીલુભાઈ વિરાભાઈ વાળાની પ્રથમ પુણ્યતિથિ નિમિત્તે સર્વરોગ નિદાન કેમ્પ, બ્લડ ડોનેશન, વિવિધ સરકારી યોજના કેમ્પનું આયોજન તા.૧૯/૦૭/૨૩ બુધવારના રોજ કરવામાં આવ્યું હતું. આ તકે ગુજરાત પ્રદેશ યુવા ભાજપના ઉપાધ્યક્ષ મનીષભાઈ સંઘાણી, ડો. એસ. આર. દવે, મહંતશ્રી રામમનહરદાસ બાપુ, લલીતભાઈ ઠુંમર, હનુભાઈ વાળા, શકિત ગૃપના પ્રમુખ ગૌતમભાઈ વાળા સહિત તમામ મહાનુભાવો દ્વારા દિપ પ્રાગટય કરી કેમ્પનું ઉદ્‌ઘાટન કરવામાં આવ્યું હતું. આ કેમ્પમાં આયુર્વેદિક ઉપચાર માટે ડો. દિપક ચાવડા, આયુ. સીવીલ હોસ્પિ. ડો. હિમાંશુ વાજા– જનરલ સર્જન, ડો.પુજા ચોટાઈ–એમ.એસ. એપ્થલ નેત્ર ચિકિત્સા ટ્રસ્ટ, ડો. હિરલ ગોહિલ–એમ.ડી, નેત્ર ચિકિત્સા આયુર્વેદિક હોસ્પિટલ, ડો. હિતાર્થ રાવલ– શંકુસ કેન્સર હોસ્પિટલ, ડો. કોમલબેન ડાભી–મેડીકલ ઓફીસર, અર્બન હેલ્થ સેન્ટરના સ્ટાફ નવનીતભાઈ માધડ, અલ્પાબેન ચૌહાણ, અકરમ કલીમલી, જય પુરોહિત, ડો. ભગીરથ વાળા– ડેન્ટલ સર્જન, ધન્વંતરી આયુર્વેદિક સ્ટોરના નિતીન પટેલ, વૈધ જીતુભાઈ ત્રિવેદી, આયુષ્માન અને શ્રમ કાર્ડ માટે મયુરભાઈ ખાનપરા સહિત તમામ ડોકટરોએ આ કેમ્પમાં સેવા આપી હતી. આ પ્રસંગે અમરેલી નગર પ્રાથમિક શિક્ષણ સમિતિના ચેરમેન તુષારભાઈ જોષી, કાઠી સમાજના આગેવાન જનકભાઈ, પ્રહલાદ સોલંકી, દિલાભાઈ વાળા, ભાવેશ વાળોદરા, પિન્ટુભાઈ વાઘેલા, શરદભાઈ મકવાણા, અશ્વમેઘ ગૃપના પ્રમુખ રવિરાજભાઈ વાળા, વકિલો વિનુભાઈ ડાબસરા, જીગુશુ મહેતા, મોગલભાઈ, જયવીરભાઈ વાળા સહિત તમામ આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા. આ કેમ્પમાં તમામ લાભાર્થીઓએ લાભ લીધો હતો. તમામ મહાનુભાવોનું ફુલહાર અને પુષ્પગુચ્છથી સન્માન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમને સફળ બનાવવા અશોકભાઈ વાળા, ચકાભાઈ વાળા, જનકભાઈ બોરીચા, હિતુરાજ સિંહ પરમાર, મહાવીરસિંહ પરમાર, ચિરાગભાઈ, સિધ્ધરાજ પરમાર, હરપાલ માંજરીયા, યુવરાજ જેબલીયા સહિત તમામે ભારે જહેમત ઉઠાવી કાર્યક્રમને સફળ બનાવેલ હતો. સમગ્ર કાર્યક્રમનું વકતા તરીકે સંચાલન જીજ્ઞેશ દાફડાએ કરેલ હતું. તેમ અશોકભાઈ વાળાની યાદીમાં જણાવ્યું હતું.

પાના ૮ ઉપરનું ચાલું દામનગરનાં ખેડૂતો અને ખોડિયારનગરને

ખેડૂતોનાં રેવન્યુ રસ્તા માટે વર્ષોથી લબડતા શહેરીજનોને કાયમી રસ્તો ન મળે તેવી પાલિકા નંત્રની ભૂંડી ભૂમિકાથી ધારાસભ્ય અજાણ હશે ? રેલવેની હદ એક તરફ રસ્તો બની શકતો હોય તો બીજી તરફ એન.એ. કરવાની અપેક્ષા કેમ ?

પાલિકા તંત્ર રાતોરાત સી.સી. રોડ બનાવી એક સપ્તાહમાં સી.સી. રોડ ઉપર ડામર રોડ બનાવી શકે તો ખોડિયારનગર અને ખેડૂતો માટે કેમ નહિ ? પાલિકા અધિકનિયમમાં સ્પષ્ટ જોગવાઈ છે. રહેણાંક વિસ્તાર માટે ફરજીયાત રસ્તો પાલિકાએ રાજય સરકારનાં ખર્ચે આપવો જોઈએ.

રેલ્વેની હદનું બહાનું ઉભું કરી ખોડીયારનગરનાં રહીશો અને ખેડૂતોને કાયમી રસ્તો મળે તે માટે જિલ્લા કલેકટરનાં સંકલનમાં તત્કાલીન ધારાસભ્યએ આ પ્રશ્ને રેલ્વે તંત્ર સાથે સંકલનમાં હકારાત્મક અભિગમ દર્શાવી તત્કાલિન મામલતદારે સ્થળ વિજીટ કરી કાયમી રસ્તો બનાવી દેવા રેલવે હદમાં એક મીટર જમીન ઉપયોગની ઈચ્છા દર્શાવી પછી પાલિકાની તંત્રએ નવું તુત ઉભું કરી એન.એ. ની કરવાનો ધરાર હઠ કેમ ? રેલવે ટ્રેકની એક તરફ તેની હદમાં વગર મંજૂરીએ પાલિકા રસ્તો બનાવી શકતી હોય તો બીજી તરફ એન.એ. કરવાનાં હઠ કેમ ? ખોડિયારનગર અને ખેડૂતોને કાયમી રસ્તો મળે તેમાં પાલિકા તંત્રને શું વાંધો છે ? ધારાસભ્યએ ખોડિયારનગર અને ખેડૂતોની પીડા જાણી કાયમી રસ્તો મળે તેવી માંગ કરતા ખેડૂતો અને ખોડિયારનગરનાં રહીશોની પીડા દૂર કરવી જોઈએ.

પાના ૮ ઉપરનું ચાલું હાઈકોર્ટે ઈકો સેન્સેટીવ ઝોન અન્વયે

રજૂઆતોના પગલે રાજય સરકાર તરફથી હાઈકોર્ટમાં રજૂ કરવામાં આવેલ પુરાવાઓના પગલે હાઈકોર્ટ તરફથી વર્ષ–૨૦૨૦ માં ઈકો સેન્સેટીવ ઝોન પર આપવામાં આવેલ ચુકાદામાં ફેરફાર કરી રાજય સરકારને નવેસરથી દરખાસ્ત તૈયાર કરી ભારત સરકારમાં મોકલી આપવા અંગે તા. ૩/૭/૨૦૨૩ ના રોજ ચુકાદો આપવામાં આવેલ છે.

આ તકે સાંસદએ જણાવેલ છે કે, અમરેલી અને જુનાગઢ જીલ્લાને સંલગ્ન ગીર રાષ્ટ્રીય ઉદ્યાન, ગીર વન્યજીવ અભ્યારણ્ય, પનીયા વન્યજીવ અભ્યારણ્ય અને મીતીયાળા વન્યજીવ અભ્યારણ્ય ફોરેસ્ટ આવેલ છે. જેમાં ગીર રાષ્ટ્રીય ઉદ્યાન–૨૫૮.૭૧ વર્ગ કિ.મી., ગીર વન્યજીવ અભ્યારણ્ય–૧૧૫૩.૪૨ વર્ગ કિ.મી., પનીયા વન્યજીવ અભ્યારણ્ય–૩૯.૬૪ વર્ગ કિ.મી. અને મીતીયાળા વન્યજીવ અભ્યારણ્ય–૧૮.૨૨ વર્ગ કિ.મી. માં ફેલાયેલ છે.

વર્ષ–૨૦૧૬માં મીતીયાળા વન્યજીવ અભ્યારણ્ય અંતર્ગત ૧૭.૦૯ વર્ગ કિ.મી., ગીર વન્યજીવ અભ્યાસ અંતર્ગત ૧૬.૦૩ વર્ગ કિ.મી. અને પનીયા વન્યજીવ અભ્યારણ્ય અંતર્ગત ૧૪.૯૮ વર્ગ કિ.મી. વિસ્તારનો ઈકો સેન્સેટીવ ઝોનમાં સમાવેશ થતાં અમરેલી જીલ્લાના ઈકો સેન્સેટીવ ઝોનમાં સમાવિષ્ટ વિસ્તાર તેમજ આસપાસમાં વસવાટ કરતા લોકોને ખુબ જ મુશ્કેલીઓ પડી રહી હતી. જેથી રાજય સરકાર દ્વારા પર્યાવરણ અને વન્યજીવનું સંરક્ષણ જળવાઈ રહે અને સાથોસાથ લોકોને પુરતી સુવિધાઓ પણ મળી રહે તે માટે આ ઈકો સેન્સેટીવ ઝોનમાં ફેરફાર કરવા કેન્દ્ર સરકારમાં દરખાસ્ત કરવામાં આવેલ હતી. પરંતુ પર્યાવરણ પ્રેમી વ્યકિત દ્વારા આ બાબતે હાઈકોર્ટમાં અભ્યારણ્યની આસપાસ ઈકો સેન્સેટીવ ઝોન ૧૦ કિ.મી. થી ઓછો ન હોય શકે તેવી રીટ પીટીશન દાખલ કરવામાં આવેલ હતી. જેના સંદર્ભે હાઈકોર્ટ તરફથી વર્ષ–૨૦૨૦ માં રાજય સરકારના ડ્રાફટ નોટીફીકેશન અને દરખાસ્ત પર સ્ટે મુકવામાં આવેલ હતો.

હાઈકોર્ટના સ્ટે બાદ રાજય સરકારના મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલ તથા વન અને પર્યાવરણ મંત્રી મુળુભાઈ બેરાને કરવામાં આવેલ રજૂઆતોના પગલે રાજય સરકાર દ્વારા હાઈકોર્ટમાં કરવામાં આવેલ અસરકારક દલીલો અને રજૂ કરવામાં આવેલ વિવિધ પુરાવાઓના આધારે હાઈકોર્ટ તરફથી તા. ૦૩ જુલાઈ ૨૦૨૩ ના રોજ આ સ્ટે હટાવી રાજય સરકારને નવી દરખાસ્ત તૈયાર કરી કેન્દ્ર સરકારમાં મોકલવા ચુકાદો આપવામાં આવેલ છે.

અમરેલી માર્કેટયાર્ડનાં ભાવ

ક્રમ	વસ્તુનું નામ	નીચો ભાવ	ઉંચો ભાવ
૧	શિંગ મઠડી	૧૦૪૦	૧૬૯૫
૨	શિંગ મોટી	૧૧૪૦	૧૮૦૧
૩	શિંગદાણા	૧૬૦૦	૨૩૮૫
૪	શિંગદાણા (ફાડા)	૧૪૧૧	૨૧૬૦
૫	તલ સફેદ	૨૦૦૦	૩૪૬૬
૬	તલ કાળા	૨૦૬૫	૩૨૮૯
૭	તલ કાશ્મીરી	૩૨૦૦	૩૪૫૮
૮	જુવાર	૫૯૭	૯૫૦
૯	ઘંઉ ટુકડા	૪૦૧	૫૨૦
૧૦	ઘંઉ લોકવન	૪૮૪	૫૦૫
૧૧	ચણા	૬૦૦	૧૦૨૦
૧૨	ચણા દેશી	૧૦૦૦	૧૦૦૦
૧૩	કપાસ	૭૪૦	૧૪૩૬
૧૪	એરંડા	૧૧૨૦	૧૨૦૧
૧૫	ધાણા	૮૬૬	૧૩૭૦
૧૬	ધાણી	૧૧૫૦	૧૫૧૦
૧૭	અજમા	૩૫૯૦	૩૮૬૦
૧૮	મેથી	૮૪૦	૧૨૪૮
૧૯	સોયાબીન	૮૮૦	૯૩૧

પાના ૮ ઉપરનું ચાલું બિલાડીનાં ટોપની જેમ ફૂટી નિકળેલ

છે. માનવ જિંદગીની સુખાકારી અર્થે સરકારની મેડીકલી ગાઈડલાઈન મુજબ હોસ્પિટલો કાર્યરત કરવાની હોય છે. ત્યારે ખાનગી હોસ્પિટલોમાં સરકારી નિયમોનો ખુલ્લેઆમ ઉલાળિયો થઈ રહેલ છે. જેના કારણે દર્દીઓની જિંદગી ઉપર જોખમ મંડરાઈ રહેલ છે. અમરેલી શહેર તેમજ જિલ્લાભરમાં પણ અનેક ખાનગી હોસ્પિટલો નિર્માણ પામેલ છે. આવી ખાનગી હોસ્પિટલોમાં ફરજ બજાવતા કર્મચારીઓની લાયકાત અંગે સરકારી તંત્ર દ્વારા ખરાઈ કરવી આવશ્યક બનેલ છે. જેમાં દર્દીઓને બાટલા ચડાવવા, ઈન્જેકશનો આપવા, હાથમાં સિરીંજ ભરાવવી સહિતની કામગીરીમાં ખાનગી દવાખાનાના જવાબદાર ડોકટરો દ્વારા જ ઘોરબેદરકારી દાખવી લાયકાત વગરના સખ્શો પાસેથી કામગીરી લેતા હોવાનું બહાર આવેલ હતું. દર્દીઓની જિંદગી સાથે જવાબદાર ડોકટરની પરવાનગીથી ખુલ્લેઆમ ચેડાં કરનારા આવા ફરજ પરના કર્મચારીઓ ફકત ધોરણ નવથી બાર સુધીનો જ અભ્યાસ કરેલ હોવાનું પણ જાણવા મળેલ હતું. ચોંકાવનારી ઘટનામાં ફકત ધોરણ નવ પાસ વ્યકતિ ઈન્ડોર દર્દીની બાટલા ચડાવવા તેમજ દવા આપવા સહિતની સારવાર કરતા હોય છે. આટલેથી નહિ અટકતા મહામૂલી માનવ જિંદગીની દરકાર કર્યા વગર ધોરણ દસ સુધીનો અભ્યાસ કરેલ શખ્શ મેડિકલમાંથી દર્દીઓને દવા આપવા સહિતની ગંભીર બેદરકારી ખુલ્લે આમ થઈ રહેલ છે. કાર્ડિયોગ્રામ જેવી અતિ ગંભીર પ્રકારની કામગીરી પણ પ્રાથમિક કે માધ્યમિક અભ્યાસ કરેલા લાયકાત વગરના શખ્શો પાસે કરાવવામાં આવી રહેલ છે. આટલી હદે આચરવામાં આવતી ઘોર બેદરકારી અંગે જવાબદાર સરકારી તંત્ર દ્વારા પણ કોઈ પ્રકારની કાનૂની કાર્યવાહી કરવામાં ન આવતી હોવાના કારણે ખાનગી દવાખાનાના ડોકટરો–સંચાલકોએ દર્દીઓની જિંદગી સાથે પૈસા કમાવવાની લ્હાયમાં લાયકાત વગરના લોકોને ખુલ્લેઆમ માનવ જિંદગી સાથે ચેડાં કરવાનો પીળો પરવાનો આપી દીધેલ હોય તેવો ઘાટ ઘડાયેલ છે. ડોકટર ઘરે આરામ ફરમાવતા હોય અને પોતાના લાયકાત વગરના ઉઘાડપગાં કર્મચારીઓ દર્દીની સારવાર કરતા હોય છે. આટલેથી નહિ અટકતા માત્રને માત્ર દર્દીની જિંદગી જોખમમાં મુકવાની હોડ લાગી હોય તેમ દવાખાનામાં તેમજ દવાખાનાની આજુબાજુમાં ધમધમી રહેલ મેડિકલ સ્ટોરમાં પણ દર્દીઓને બેફામ લૂંટ આચરાતી હોવાની ઘટનામાં જે ફાર્માસીસ્ટના નામે મેડિકલ સ્ટોર ચાલતા હોય છે તે વ્યકતિ હાજર જ હોતી નથી તેમના નામનું ફકત લાઈસન્સ લટકતું હોય છે અને આવા મેડિકલ સ્ટોરમાં નવ કે દસ ધોરણ પાસ વ્યકિત દર્દીઓને ડોકટરે લખી આપેલ દવા આપતા હોય છે. સરકારી તંત્ર જાણી બુઝીને દર્દીની જિંદગી જોખમાય તે દિશામાં આંખ મીચામણા કરવાની હિન પ્રવૃત્તિથી ખાનગી દવાખાનાઓના ડોકટરોને ખુલ્લો દોર મળી ગયાનો ઘાટ ઘડાયેલ છે. ખાનગી દવાખાનાના ડોકટર જે દવા દર્દીને લખી આપે તે દવા પોતાના દવાખાના કેમ્પસમાં આવેલ મેડિકલ સ્ટોરમાં જ મોઘાદાટથી વેચાણ થતું હોય છે અને આવી દવાઓ બહારના મેડિકલ સ્ટોરમાં ઉપલબ્ધ ન હોવાના કારણે ગરીબ દર્દીઓ આર્થિક રીતે લૂંટાઈ રહેલ છે. આવા ખાનગી દવાખાનાઓમાં લાયકાત ધરાવતા કર્મચારી દ્વારા દર્દીની સારવાર થાય તે દિશામાં જવાબદાર તંત્ર દ્વારા કાર્યવાહી કરવી જરૂરી બનેલ હોવાનું બુદ્ધિજીવી વર્ગમાં ચર્ચાઈ રહેલ છે.

બાબરા માર્કેટયાર્ડનાં ભાવ

ક્રમ	વસ્તુનું નામ	નીચો ભાવ	ઉંચો ભાવ
૧	કપાસ શંકર	૧૪૦૨	૧૪૩૮
૨	મગફળી	૧૨૪૫	૧૪૮૫
૩	તલ સફેદ	૨૫૨૫	૩૧૭૫
૪	તલ કાળા	૨૫૯૦	૩૧૦૦
૫	ઘઉં	૪૧૮	૪૩૨
૬	ચણા	૯૦૪	૯૦૬

સાવરકુંડલા માર્કેટયાર્ડનાં ભાવ

ક્રમ	વસ્તુનું નામ	નીચો ભાવ	ઉંચો ભાવ
૧	શીંગ મોટી	૧૩૫૦	૧૫૫૧
૨	શીંગદાણા	૧૯૫૦	૨૦૦૧
૩	તલ સફેદ	૩૦૦૦	૩૪૨૫
૪	તલ કાળા	૨૮૦૦	૩૨૫૦
૫	જીરૂ	૧૦૦૦૦	૧૦૫૦૦
૬	કપાસ	૧૧૮૫	૧૪૨૧
૭	ઘઉં લોકવન	૪૩૫	૫૦૯
૮	ઘઉં ટુકડા	૪૫૦	–
૯	બાજરો	૪૦૦	૪૩૭
૧૦	જુવાર	૬૫૦	૮૬૫
૧૧	મગ	૧૫૫૧	–
૧૨	દેશી ચણા	૯૦૦	૧૦૦૧
૧૩	તુવેર	૧૪૫૦	૧૬૫૦
૧૪	એરંડી	૧૧૨૫	–
૧૫	રાય	૧૧૬૩	–
૧૬	ધાણા	૮૫૦	–
૧૭	સોયાબીન	૮૦૦	૮૭૪

પાના ૧ ઉપરનું ચાલું અમરેલી જિલ્લામાં સતત વરસાદથી

સાથે શરૂઆત થતી જોવા મળી છે. ગુજરાતમાં કયાંક ધોધમાર તો કયાંક છુટાછવાયા વરસાદનાં સમાચાર બાદ વડિયામાં સવારે દસ થી છ વાગ્યા સુધીમાં ૪૦ મીમી વરસાદ નોંધાયો હતો અને ધીમીધારે વરસાદની શરૂઆત થતાં બજારો અને શેરીઓમાં પાણી વહેતા થયા હતા. ત્યારે વરસાદી વાતાવરણ સર્જાયું હોય તેવા દ્રશ્યો જોવા મળી રહ્યાં છે. ત્યારે વિરામ બાદ ફરી મેઘરાજાએ મેઘમહેર તરફ આગળ વધતા જોવા મળી રહ્યા હોય તેવું જોવા મળી રહ્યું છે.

પાના ૧ ઉપરનું ચાલું અમરેલી–વેરાવળ તથા જુનાગઢ રૂટની

હાલમાં અધિક માસ શરૂ થતાં લોકોને સોમનાથ મહાદેવના દર્શન કરવા જવા માટે કોઈ અગવડ ન પડે તે માટે થઈ તા.૧૮ થી અમરેલીથી ઉપડતી વેરાવળ પેસેન્જર ટ્રેનના સમયમાં ફેરફાર કરવામાં આવ્યો હતો. ત્યારે આજે બીજા જ દિવસે ગીર સોમનાથ જિલ્લા તથા વેરાવળ પંથકમાં ભારે વરસાદના પગલે અમરેલી થી આજે સવારે ૫:૪૭ કલાકે વેરાવળ જતી પેસેન્જર ટ્રેન વિસાવદરથી પરત અમરેલી ફરી હતી. જયારે બપોરે અમરેલીથી વેરાવળ જતી ટ્રેઈન રેલ્વે વિભાગ દ્વારા હાલ તુરંત બંધ કરી દેવાય છે. નવી જાહેરાત ન થાય ત્યાં સુધી અમરેલી વેરાવળ ટ્રેઈન વરસાદને પગલે બંધ રહેશે. ગીર સોમનાથ જિલ્લા તથા વેરાવળ પંથકમાં ભારે વરસાદના પગલે મુસાફર ટ્રેઈન સેવાઓ ખોરવાય છે. જયારે આવતીકાલે અમરેલીથી જુનાગઢ જતી ટ્રેન પણ વરસાદના કારણે બંધ કરી દેવામાં આવેલ છે.

પાના ૮ ઉપરનું ચાલું ધારેશ્વર રાઉન્ડની બીટમાં

ચંદન ઘો જીવ–૧ ને મોટર સાઈકલમાં વાહતુક કરી લઈ જતો હતો. તોહમતદાર નં–૨, ઈન્દર દરીયા બામણીયા, તોહમતદાર નં–૧ મૃત ચંદન ઘો લેવા મોકલેલ અને તોહમતદાર નં–૩ હરેશભાઈ કરમીયાભાઈ બાંમણીયાએ ચંદન ઘો નો શિકાર કર્યા બાદ તોહમતદાર નં.–૨ ને મૃત ચંદન ઘો લઈ જવા માટે કહેલ અને તોહમતદાર નં–૪ પપ્પુ વિજય વાખલા, તોહમતદાર નં–૩ સાથે મળીને ભંડારીયા ભાક્ષી થોરડી રોડ, પુલની બાજુમાં નદી કાંઠે પથ્થરો મારી ચંદન ઘો નું મૃત્યુ નિપજાવેલ છે. જેથી વન્યપ્રાણી સંરક્ષણ અધિનિયમ– ૧૯૭૨ સુધારા અધિનિયમ–૨૦૨૨ ની કલમ ૨(૧) (૧૬) (૩૩) (૩૫) (૩૬), ૯,૩૯,૪૯(ખ), ૫૦, ૫૧, ૫૨ અને ૫૭ મુજબ ગુન્હો દાખલ કરેલ છે.

જેથી ઉપરોકત તોહમતદાર નં–૧ અને તોહમતદાર નં–૨ ને મે. જયુડિશનલ મેજિસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ, રાજુલા કોર્ટમાં રજુ કરવામાં આવેલ. બાદમાં બન્ને આરોપીઓનાં કોર્ટ જામીનનાં મંજુર કરેલ છે. અને જિલ્લા જેલ હવાલે કરેલ છે. વધુમાં તમામ નાગરિકોને જણાવવાનું કે, વન્ય પ્રાણીઓનું મહત્વ સમજી વન, પર્યાવરણ તથા વન્યજીવોનું સંરક્ષણ કરવું તેવી અપીલ વન વિભાગ તરફથી કરવામાં આવે છે.

પાના ૮ ઉપરનું ચાલું જશવંતગઢ ગામનાં અનુ.જાતિ

ઘટનાની વિગત જોઈએ તો અમરેલી જિલ્લાનાં જશવંતગઢ ગામ ખાતે અનુસૂચિત જાતિનાં લોકો માટે સરકારે ૧૦૦ ચો.વાર પ્લોટ માટે જમીન નીમ કરેલ છે તે નીમ કરેલ જમીન પર સ્થાનિક ગ્રામ પંચાયત અને અન્ય લોકો દ્વારા જમીન પર જેસીબી ચલાવી ગેરકાયદેસર માટી ખોદી ઉંડા ખાડા કરી નાખેલ હતા અને માટી ટ્રેકટરોમાં ચોરી કરી સગેવગે કરી હતી.

આ ગેરકાયદેસર કૃત્યનો વિરોધ કરી જવાબદાર લોકો સામે કાનૂની કાર્યવાહી કરવા સ્થાનિક અને રાજયકક્ષાએ અનેક રજૂઆત કરવા છતાંય સ્થાનિક તંત્ર દ્વારા આરોપીઓને છાવરવામાં આવતા હોઈ જેથી આ મુદ્દે અનુસૂચિત જાતિનાં લોકોને ન્યાય મળે તે માટે રાષ્ટ્રીય માનવ અધિકાર આયોગની વિભાગીય(રીઝીયોનલ ઓફિસમાં માનવ અધિકાર કાર્યકર્તા કાંતિલાલ પરમાર દ્વારા પીટીશન ફાઈલ કરી દાદ માંગવામાં આવતા અમરેલી જિલ્લા કલેકટરને નોટિસ આપી ત્રીસ દિવસમાં અહેવાલ માંગેલ છે. નોટિસમાં જણાવેલ છે કે આયોગને મળેલ સતાની રૂએ જો ત્રીસ દિવસની સમય મર્યાદામાં અહેવાલ નહિ મળે તો રૂબરૂ અહેવાલ સાથે હાજર રહેવા સમન્સ પાઠવવામાં આવશે.

ધારી માર્કેટયાર્ડનાં ભાવ

ક્રમ	વસ્તુનું નામ	નીચો ભાવ	ઉંચો ભાવ
૧	ઘઉં	૪૩૦	૪૩૯
૨	ચણા	૯૨૦	૯૨૧
૩	તલ	૩૩૦૫	૩૩૦૫
૪	સોયાબીન	૭૦૦	૮૮૧
૫	બાજરો	૪૨૫	૪૨૫
૬	ધાણા	૮૫૦	૧૧૧૦

બગસરા માર્કેટયાર્ડનાં ભાવ

ક્રમ	વસ્તુનું નામ	નીચો ભાવ	ઉંચો ભાવ
૧	કપાસ	૧૦૦૦	૧૨૭૫
૨	ચણા	૮૦૭	૯૦૦
૩	ઘઉં લોકવન	૪૪૦	૪૪૮
૪	સોયા	૮૮૦	૯૦૦
૫	મગ	૧૨૫૫	૧૨૫૫
૬	શીંગ દાણા	૧૫૦૦	૧૬૦૦
૭	લસણ	૩૩૦	૩૩૦
૮	ધાણા	૮૭૦	૧૨૭૫
૯	તલ સફેદ	૨૯૦૦	૨૯૦૦
૧૦	બાજરો	૪૧૦	૪૧૦

સાવરકુંડલા : 'આપ'નાં અગ્રણીએ રાજીનામુ ધરી દીધું

સાવરકુંડલા, તા. ૧૯

સાવરકુંડલા ગ્રામ્ય વિસ્તારોમાં આહીર સમાજમાં પ્રભુત્વ ધરાવતા દિનેશ લાડુમોરે આપ પાર્ટીમાંથી રાજીનામું આપતા આપ પાર્ટીનાં કાંગરા ૨૦૨૪ ની ચુંટણી પહેલા ખરવાનાં શરૂ થઈ ગયા છે. તેઓ આપ પાર્ટી પહેલા ભારતીય જનતા પક્ષનાં મહત્વની ભૂમિકામાં હતાં ને તાલુકા ભાજપનાં મહામંત્રીના હોદા પર અને તાલુકા પંચાયતનાં પુર્વ સદસ્ય પણ રહી ચુકયા હોય ત્યારે ૨૦૨૪ ની ચુંટણીઓ દરવાજે દસ્તક દઈ રહી હોય ત્યારે આપ પાર્ટીમાંથી આપનાં પ્રદેશ અધ્યક્ષ ઈસુદાન ગઢવી અને જિલ્લા આપનાં પ્રમુખ નિકુંજ સાવલીયાને રાજીનામું મોકલી આપ્યુ છે. અત્રે ઉલ્લેખનીય છે કે હજુ ચાર પાંચ દિવસ પહેલા સાવરકુંડલા શહેર કોંગ્રેસનાં મંત્રી ચિરાગ આચાર્ય રાજીનામું ધરીને ભાજપનો કેસરીયો કર્યો હતો.

વડેરાની જનતા વિદ્યાલયમાં વિવિધ કાર્યક્રમો સંપન્ન થયા

અમરેલી, તા. ૧૯

જનતા વિદ્યાલય–વડેરામાં જુના સિક્કા, નોટોનું પ્રદર્શન, સ્કૂલબેગ વિતરણ, સાઈકલ વિતરણ વગેરે કાર્યક્રમો યોજવામાં આવ્યા હતા.

સૌપ્રથમ પધારેલા મહેમાનોનું શાબ્દિક સ્વાગત શાળાનાં આચાર્ય મુકુંદભાઈ મહેતા દ્વારા કરવામાં આવ્યું. ત્યારબાદ અમરેલીથી પધારેલા રમેશભાઈ ડી. વાળાનું શાલ તેમજ પુસ્તકથી સન્માન કરવામાં આવેલ. નિતિનભાઈ બોરાણીયા, પ્રવિણભાઈ માંગરોળીયા, ભરતભાઈ હપાણી, રમેશભાઈ વાળાએ પ્રાસંગિક પ્રવચનો આપેલ.

જૂના ચલણી સિક્કાઓ જે ૧૭૦૦ની સાલથી ૨૦૨૨ સુધીનાં તેમજ વિવિધ દેશોની ચલણી નોટો, ચલણો વગેરેની માહિતી રજૂ કરેલ. ત્યારબાદ મહેમાનો, પ્રાથમિક શાળાનાં વિદ્યાર્થીઓ–શિક્ષકો, હાઈસ્કૂલનાં વિદ્યાર્થીઓ–શિક્ષકોએ જૂના સિક્કા–નોટોનું પ્રદર્શન નિહાળેલ.

ત્યારબાદ શાળા પરિવાર વતી તમામ વિદ્યાર્થીઓને સ્કૂલબેગનું વિતરણ મહેમાનોએ કરેલ. જે શાળાના શિક્ષકોએ એકત્ર કરેલા ફંડમાંથી આપવામાં આવેલ. ત્યારબાદ સરકાર તરફથી શાળાની ધો.૯ની વિદ્યાર્થીનીઓને સાઈકલ વિતરણ પધારેલાં મહેમાનો દ્વારા કરવામાં આવેલ.

રાજુલા માર્કેટયાર્ડનાં ભાવ

ક્રમ	વસ્તુનું નામ	નીચો ભાવ	ઉંચો ભાવ
૧	શીંગ	૧૨૫૦	૧૪૨૫
૨	તલ સફેદ	૨૦૦૦	૩૪૫૧
૩	કપાસ	૮૦૦	૧૪૧૫
૪	બાજરો	૪૧૧	૪૫૯
૫	ઘઉં ટુકડા	૪૨૦	૪૪૯
૬	જુવાર	૮૬૫	૧૦૦૧
૭	મકાઈ	૪૮૨	૪૮૨
૮	મગ	૨૦૦૦	૨૦૦૦
૯	અડદ	૧૬૫૧	૧૬૫૧
૧૦	તુવેર	૧૭૦૦	૧૭૦૦
૧૧	ચણા	૮૮૫	૧૦૨૫
૧૨	ધાણા	૧૦૬૫	૧૦૬૫
૧૪	સોયાબીન	૯૧૬	૯૨૫

વર્તમાન સમયમાં પ્રાકૃતિક કૃષિએ જરૂરિયાત છે : રાજયપાલ

અમરેલી જિલ્લામાં કુલ ૩૧૯૮૧ ખેડૂતોએ ૩૪૮૯૫ એકર જમીનમાં પ્રાકૃતિક ખેતી અપનાવી

પ્રાકૃતિક ખેતી અપનાવનારની આવક તુરંત જ વધે છે

અમરેલી તા. ૧૯

રાજભવન, ગાંધીનગર ખાતે પ્રાકૃતિક કૃષિ વિષય પર પરિસંવાદમાં ઉપસ્થિત વિવિધ સમાચાર માધ્યમોના તંત્રીઓ–પ્રતિનિધિઓને સંબોધિત કરતાં રાજયપાલ આચાર્ય દેવવ્રતે જણાવ્યું કે વર્તમાન સમયમાં પ્રાકૃતિક કૃષિ સાથે જોડાવું એ સમયની જરૂરિયાત છે. વધતાં જતાં ગ્લોબલ વોર્મિંગની નકારાત્મક અસરો, ઘટી રહેલાં કૃષિ ઉત્પાદન તેમજ સ્વાસ્થ્યપ્રદ જીવન માટે પ્રાકૃતિક ખેતી જ એકમાત્ર અસરકારક ઉપાય છે.

રાજયપાલે દેશમાં થયેલી હરિયાળી ક્રાંતિની વાતથી શરૂઆત કરતાં જણાવ્યું કે લગભગ ૬૦ના દાયકામાં થયેલા અભ્યાસ અનુસાર ભારતની જમીનમાં બે થી અઢી ટકા કાર્બન હતો, પરંતુ એ સમયની જરૂરિયાત અનુસાર યૂરિયા સહિતના રાસાયણિક ખાતરોનો ઉપયોગ વધવાના કારણે આજે આ પ્રમાણ ૦.૫થી પણ ઓછું થઈ ગયું છે. જેના કારણે જમીનની ફળદ્રુપતા ઘટી ગઈ છે. એટલું જ નહીં, જમીન, હવા અને પાણી પ્રદૂષિત થયાં છે તેમજ વિવિધ રોગોનું પ્રમાણ પણ વધ્યું છે.

આ પ્રકારની વિવિધ સમસ્યાના ઉપાય માટે પ્રાકૃતિક કૃષિ પર ભાર આપતાં રાજયપાલે જણાવ્યું કે રાસાયણિક ખેતીના ઉપાયરૂપે જૈવિક ખેતીનો વિકલ્પ આપવામાં આવ્યો, પરંતુ તેનાથી મહેનત અને ખર્ચ તો નથી ઘટતો, પણ ઊલટા ઉપજ એકાએક ઘટી જાય છે. એટલું જ નહી અંતે તો તે પણ વાતાવરણને નુકસાન જ કરે છે.

તેમણે ઉમેર્યુ કે, જે રીતે જંગલનાં વૃક્ષોને કુદરતી રીતે જ પોષણ મળે છે, ત્યાં કોઈ પ્રકારના ખાતર વિના જ આપોઆપ ફળ આવી જાય છે. પ્રાકૃતિક ખેતીમાં પણ જીવામૃત અને ઘન જીવામૃત આધારિત કુદરતી પદ્ધતિઓ દ્વારા ખેતી પોષણક્ષમ તો બને જ છે, જયારે ખેડૂતોનો ખર્ચ પણ શૂન્ય થઈજાય છે.

રાજયપાલએ યુનેસ્કોના રિપોર્ટનો હવાલો આપતાં જણાવ્યું કે જો રાસાયણિક ખાતરોનો ઉપયોગ આજે ઘટાડવામાં નહીં આવે, તો આગામી ૪૦–૫૦ વર્ષમાં ગ્લોબલ વોર્મિંગની સમસ્યાના કારણે જમીન સદંતર બિનઉપજાઉ બની જશે. તદુપરાંત, વિદેશથી મંગાવવામાં આવતા યૂરિયા અને અન્ય રાસાયણિક ખાતરોમાં દેશનું હૂંડિયામણ પણ ખર્ચ થાય છે. જયારે પ્રાકૃતિક કૃષિ થકી જમીનનાં પોષક તત્વો પણ જમીનમાં જ જળવાઈ રહે છે તેમજ વરસાદી પાણી પણ જમીનમાં ઉતરવાના કારણે જમીનનું જળસ્તર પણ ઊંચું આવશે.

તેમણે જણાવ્યું કે દેશી ગાયના એક ગ્રામ ગોબરમાં ૩૦૦ કરોડ જીવાણું હોય છે. આવી ગાયના ગોબર અને ગોમૂત્ર આધારિત પ્રાકૃતિક ખેતીના કારણે પ્રથમ વર્ષથી જ પૂરેપૂરૂં ઉત્પાદન મળે છે. એટલું જ નહીં, ખેડૂતોનો ખર્ચ પણ શૂન્ય થવાથી તેમની આવક બમણી કરવાનું પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીનું સ્વપ્ન પણ સિદ્ધ કરી શકાશે. આ માટે તેમણે અળસિયા આધારિત કુદરતી ખાતર બનાવવાની વિધિ, જીવામૃત, ઘન જીવામૃત, આચ્છાદન વિશે પણ વિગતવાર સમજણ આપી હતી.

રાજયમાં પ્રાકૃતિક ખેતી અપનાવનારા ખેડૂતોની સંખ્યામાં થયેલી વૃદ્ધિ વિશે વિગતો આપતાં રાજયપાલે જણાવ્યું કે છેલ્લાં ચાર વર્ષ દરમિયાનરાજયમાં ૭.૧૩ લાખ ખેડૂતોએ પ્રાકૃતિક ખેતી અપનાવી છે, જયારે માત્ર છેલ્લા ત્રણ માસમાં ૧૦.૩૯ લાખ ખેડૂતોને તાલીમ આપવામાં આવી છે. તેમણે ઉમેર્યુ કે આઝાદીનાં ૭૫ વર્ષના અનુસંધાને આયોજિત ખેડૂત સંમેલનમાં વડાપ્રધાને દેશની પ્રત્યેક ગ્રામ પંચાયતમાં ઓછામા ઓછા ૭૫ ખેડૂતોને પ્રાકૃતિક ખેતી અપનાવવા આહ્વાન કર્યુ હતું. પરિણામસ્વરૂપ, આજે ગુજરાતની ૫૨૩૩ ગ્રામ પંચાયતોમાં ૭૫ કે તેથી વધુ ખેડૂતો પ્રાકૃતિક ખેતી કરે છે. જેમાં બીજી ૩૬૭૯ જેટલી પંચાયતો આગામી એકાદ માસમાં ઉમેરો થવાની સંભાવના દર્શાવી હતી.

રાજયપાલે કહ્યું કે આ એક સામૂહિક પ્રયાસ છે. ત્યારે નવજાગરણના આ કામમાં જોડાઈને રાજયના ખેડૂતોમાં તેમજ સામાન્ય નાગરિકોમાં પ્રાકૃતિક ખેતી અંગે જાગૃતિ પ્રસારિત કરવા વિવિધ માધ્યમોના પ્રતિનિધિઓને અપીલ કરી હતી.

આત્મા પ્રોજેકટના નેજા હેઠળ અમરેલી જિલ્લામાં પ્રાકૃતિક ખેતીને મિશન મોડમાં આગળ ધપાવવામાં આવી રહી છે. વર્ષ ૨૦૨૩–૨૪ દરમિયાન કુલ ૩૧,૯૮૧ ખેડૂતોએ મગફળી, કપાસ, સોયાબીન, તલ, મગ, અડદ, શાકભાજી, બાજરી અને બાગાયતી પાકોમાં કુલ ૩૪,૮૯૫ એકર જમીનમાં પ્રાકૃતિક ખેતી અપનાવી છે. વર્ષ ૨૦૨૩–૨૪ દરમિયાન ખરીફ સિઝનમાં અંદાજિત ૧૬,૦૦૦ ખેડૂતો૧૯,૦૦૦ એકરમાં પ્રાકૃતિક કૃષિ આગળ ધપાવે તે માટે તાલીમ કાર્યક્રમો અમરેલી જિલ્લામાં પ્રગતિ તળે છે. જિલ્લાની કુલ ૫૯૮ ગ્રામ પંચાયતોમાં પ્રાકૃતિક કૃષિને વેગ આપવા માટે દસ ગામ દીઠ એક કલસ્ટર બનાવી કુલ ૬૦ કલસ્ટરમાં તાલીમ આપવાનું કાર્ય શરૂ છે. જિલ્લામાં વર્ષ ૨૦૨૩–૨૪ દરમિયાન અમરેલી જિલ્લામાં વિવિધ ક્લસ્ટરમાં ૨૫,૩૨૧ વ્યકિતઓને પ્રાકૃતિક કૃષિને તાલીમ આપવામાં આવી છે. જેમાં કુલ બે તબક્કામાં ૫૬૮ તાલીમ દ્વારા ૨૪,૭૦૭ ખેડૂતોને તાલીમ આપવામાં આવી છે.

જિલ્લામાં પ્રાકૃતિક ખેતી કરતા ખેડૂતોના પ્રત્યેક તાલુકામાં સાત સાત મોડેલ ફાર્મ છે જયાં તાલુકાના અન્ય ખેડૂતોને માર્ગદર્શન આપવામાં આવે છે. અન્ય ખેડૂતોને આ મોડેલ ફાર્મની મુલાકાત કરાવવામાં આવે છે. અત્યાર સુધીમાં જિલ્લાના કુલ ૪૦ ખેડૂતો અને આત્મા પ્રોજેકટના બે કર્મચારીઓએ રાજયપાલના હરિયાણા સ્થિત ગુરૂકુળ ખાતેના ફાર્મમાં મુલાકાત લીધેલી છે.

ગત ૧૭મી માર્ચના રોજ જિલ્લા કક્ષાના પ્રાકૃતિક કૃષિ પરિસંવાદમાં રાજયપાલના અધ્યક્ષ સ્થાને જિલ્લાના કુલ ૩,૧૦૫ ખેડૂતોએ સીધો ભાગ લઈ લાભ મેળવ્યો હતો. જિલ્લામાં પ્રાકૃતિક કૃષિના પ્રચાર–પ્રસાર માટે અને માર્ગદર્શન માટે કુલ ૬૫,૦૦૦ પેમ્ફલેટનું વિતરણકરવામાં આવ્યું છે તેમ અમરેલી જિલ્લા આત્મા પ્રોજેકટ નિયામક શ્રીની એક યાદીમાં જણાવવામાં આવ્યુ છે.

આ કાર્યક્રમમાં રાજયપાલના અગ્રસચિવ રાજેશ માંજુ, મુખ્યમંત્રીના સચિવ સુશ્રી અવંતિકા સિંઘ, માહિતી નિયામક ધીરજ પારેખ, આત્મા પ્રોજેકટના ખાસ ફરજ પરના અધિકારી દિનેશ પટેલ તેમજ વિવિધ પ્રિન્ટ, ઈલેકટ્રોનિક તથા રેડિયો અને સરકારી માધ્યમોના તંત્રીઓ, પ્રતિનિધિઓ ઉપસ્થિત રહ્યા હતા. જયારે વિવિધ જિલ્લાઓમાંથી પણ બહોળી સંખ્યામાં પત્રકારો વિડિયો કોન્ફરન્સિંગના માધ્યમથી જોડાયા હતા.

મહિલા અને બાળ વિકાસ વિભાગ સંચાલિત સેવાથી ફાયદો

અમરેલી : સખી વન સ્ટોપ સેન્ટર દ્વારા ઘર છોડી આવેલી સગીરાનું કાઉન્સેલિંગ કરી વિકાસ ગૃહમાં મોકલાઇ

સગીરાને ૧૮૧ તેમજ સખી વન સ્ટોપ સેન્ટરની પુરી મદદ મળી

અમરેલી તા. ૧૯

ભારત સરકાર પુરસ્કૃત મહિલા અને બાળ વિકાસ વિભાગ ગાંધીનગર દ્વારા સંચાલિત 'સખી' વન સ્ટોપ સેન્ટર, અમરેલી, જિલ્લા મહિલા અને બાળ કચેરીના માર્ગદર્શન નીચે અમરેલી સિવિલ હોસ્પિટલ ખાતે કાર્યરત છે. હિંસાથી પીડિત બહેનોને એક જ છત નીચેથી તમામ મદદ પૂરી પાડવામાં આવે છે. 'સખી' વન સ્ટોપ સેન્ટર અમરેલી ખાતે અમરેલી જિલ્લાના એક ગામમાંથી મહિલા હેલ્પલાઈન અભયમ્ ૧૮૧ ને ફોન કરી જાણ કરી હતી.

ઘર છોડીને નીકળી ગયેલી એક સગીરાએ ૧૮૧ અભયમ્ હેલ્પલાઈનની મદદ માંગી હતી. ૧૮૧ અભયમ્‌ની મદદથી આ સગીરાને સખી વન સ્ટોપ સેન્ટર પર લઈ આવવામાં આવી હતી.

જેમાં સગીરાની માતાએ પૈસાની લાલચમાં એક જગ્યાએ નક્કી કરેલી સગાઈ તોડી બીજી જગ્યાએ કરવા માંગતાં હતા અને પિતા પણ દારૂ પીને તેને માર મારતા હતા. આ ત્રાસથી કંટાળીને સગીરા જેની સાથે સગાઈ નક્કી કરી હતી ત્યાં ગઈ હતી પરંતુ હાલ તે સગીર વયની હોય તેણે ૧૮૧ની મદદથી સખી વન સ્ટોપ સેન્ટર અમરેલી પર લઈ આવવામાં આવી હતી.

અમરેલી સખી વન સ્ટોપ સેન્ટરના કર્મયોગીઓ દ્વારા તેનું કાઉન્સીલીંગ કરવામાં આવ્યું હતું. તે દરમિયાન જાણવા મળ્યું હતું કે, તે હવે તેના માતાપિતાના ઘરે જવામાં સુરક્ષિત નથી. આથી સગીરાની ઈચ્છા મુજબ તેને વિકાસ ગૃહ અમરેલી ખાતે મોકલી આપવામાં આવી છે.

આમ, ઘર છોડીને નીકળી ગયેલી સગીરાને ૧૮૧ તેમજ વન સ્ટોપ સેન્ટર દ્વારા લાંબા ગાળાના આશ્રય માટે મદદ પૂરી પાડવામાં આવી છે, તેમ મહિલા બાળ વિકાસ અધિકારી અમરેલી, સખી વન સ્ટોપ સેન્ટરની એક યાદીમાં જણાવવામાં આવ્યું છે.

અધિક માસની અમૃતધારા

પુરૂષોત્તમ મહાત્મ્યની કથા

ઋષિઓએ બનાવેલ આસન પર બેઠા. તે પછી ઋષિઓએ કથા સાંભળવાની ઈચ્છાથી આ વચન કહયું.

ઋષિઓ બોલ્યા, 'તમે એક જ ભાગ્યશાળી છો., તમે ગુરુની કૃપાથી વ્યાસમુનિના વચનોને જાણો છો. ડુબતા મનુષ્યોને પાર પહોંચાડનાર અને તેમનું કલ્યાણ થાય તેવી પવિત્ર કથા અમને સંભળાવો.'

શૌનાદિક મહર્ષિઓએ (કથા સાંભળવા) એમ પૂછયું, ત્યારે સુત પુરાણી બે હાથ જોડી બોલ્યા : 'હે મુનિશ્રેષ્ઠો ! તમે લોકહિતાર્થે સારી વાત પૂછી છે. આ ઉદ્દેશથી જ હું તીર્થ પ્રમણે નીકળ્યો છું. હું પુષ્કર તીર્થમાં ગયો હતો. પછી ઘેનુમતી નદીમાં સ્નાન કરી ત્યાંથી સરસ્વતી નદીના કિનારે ગયો હતો. ત્યાં ત્રણ રાત્રિ રહયો હતો. તાપી, નર્મદા વગેરે સ્થળ ગયો હતો. શ્રી નારાયણના દર્શન કરવા બદરિકાશ્રમ ગયો હતો. એમ ઘણાં તીર્થોમાં ફરતો ફરતો કુરુદેશમાં તથા મંગલદેશમાં જઈ ચડયો અને ત્યાંથી હસ્તિનાપુર ગયો હતો.

'હે બ્રાહ્મણો ! ત્યાં મેં સાંભળ્યું કે રાજા પરીક્ષિત રાજપાટ છોડી ઋષિશાપથી મુકત થવા ઋષિમુનિઓની સાથે મહાપવિત્ર ગંગાના કિનારા પર ગયા છે અને ત્યાં સિદ્ધો, યોગીઓ તથા સિદ્ધિરૂપ ભૂષણોવાળા દેવર્ષિઓ આવ્યા છે. તેમાંના કેટલાક આહાર રહિત, વાયુનો આહાર કરનાર, શ્વાસનો, ફળનો, પાંદડાનો, ફીણનો આહાર કરનાર હતા, તેમના દર્શન કરવા ગયો. તે વખતે વ્યાસજીના સોળ વર્ષની ઉમરના પુત્ર શુકદેવજી પણ ત્યાં આવી ચડયા. જે જોરાવદાર હાંસળીવાળા, પ્રકાશિત કાંતિવાળા છે તે અવધૂતની આસપાસ થૂંકતા બાળકો અને ગંદકીથી ખરડાયેલ સ્ત્રીઓ, જેમ હાથીની આસપાસ વીંટળાઈ જાય તેમ વીંટળાઈ વળ્યા હતા.

તેમને જોઈ બધા મુનિઓ હર્ષથી હાથ જોડીને ઉભા થયા.

મુનિઓએ શુકદેવજી માટે ઉંચુ આસન ગોઠવ્યું. બધા મુનિઓ પણ બેઠા. ત્યાં બેસી બ્રાહ્મણોએ કરેલી પૂજાનો સ્વીકાર કર્યો અને તે વખતે વ્યાસપુત્ર મહામુનિ શુકદેવજી, તારાઓથી વીંટળાયેલા ચંદ્રમાની પેઠે શોભી રહયા હતા. **(ક્રમશઃ)**

સંપાદક : મહેન્દ્ર જોષી

મો. ૯૪૨૬૪ ૫૭૩૫૬ (નિવૃત કેળવણી નિરીક્ષક)

ઈંડુ શાકાહારી કે માંસાહારી ?

ઈંડુ કોઈપણ રીતે શાકાહારી નથી

હાલમાં પણ સમાજનો મોટો વર્ગ માને છે કે ઈંડા એ શાકાહારી ખોરાક છે. આવા લોકોને અમુક વર્ગ દ્વારા એવો પાઠ ભણાવી દેવામાં આવ્યો છે કે ઈંડા શાકાહારી છે જો કે આ વાત બિલકુલ ખોટી છે. જો ઈંડુ શાકાહારી છે તો કઈ રીતે ? એ સમજાવવા માટે એવું કહેવામાં આવે છે કે ઈંડુ એ એક કોષ(સેલ)થી બનેલું છે એટલે શાકાહારી છે. જો એ સેલ હોય તો તો એને નરી આંખે પણ ન જોઈ શકાતું હોત કારણ કે કોષ(સેલ)ને જોવા માટે માઈક્રોસ્કોપની આવશ્યકતા રહે છે, પરંતુ ઈંડાને જોવા માટે નરી આંખો કરવાની કે માઈક્રોસ્કોપની જરૂર પડતી નથી. હકીકતમાં જે લોકો ઈંડાનું સેવન કરે છે એ જુદી જુદી વાતો દ્વારા એ સાબિત કરવા માંગે છે કે ઈંડુ એ શાકાહારી છે કારણ કે એ એક કોષીય જીવ છે અર્થાત ઈંડુ ફકત સ્ત્રી કોષથી જ બનેલુ છે એટલે કે એ માત્ર કુકડીનું બનેલું છે.

દરેક સ્ત્રીને માસિક થાય છે. મનુષ્યને દર મહિને થાય છે જયારે કુકડીને અમુક નિશ્ચિત સમય બાદ અમુક પ્રકારે માસિક થાય છે. અપરિણિત સ્ત્રીને દર મહિને માસિક થાય છે જયારે પરિણીત સ્ત્રીને સમાગમ બાદ જો ગર્ભ રહે તો માસિક આવતું નથી. કુકડીને પણ એવું જ હોય છે. ઈંડા અંગે જે કોઈ દલીલો કરવામાં આવે છે એમાં ખરેખર એવું છે કે જો ઈંડુ એ ફકત એક જ સેલથી બનેલું હોય એટલે કે સ્ત્રી સેલ મતલબ કુકડીનાં સેલથી બનેલું હોય તો ઈંડા ખાનાર લોકો જાગૃત થઈ જાવ તમે કુકડીનું માસિક ખાઈ રહ્યા છો અને જો ઈંડુ બે સેલનું હોય એટલે કે મેલ અને ફિમેલનું તો તમે કૂકડા અને કુકડીનાં સમાગમ પછી બનેલું એક અવિકસિત જીવ ખાઈ રહ્યા છો. ઈંડા ખાનાર વ્યકિતઓ જાગૃત થઈ જાવ અને અન્યોને પણ જાગૃત કરો. શાકાહારી બનો. – **મિત્તલ ખેતાણી**

(મો. ૯૮૨૪૨ ૨૧૯૯૯)

શેત્રુંજી ડેમમાંથી ત્રણ તાલુકાને પાણી પૂરું પાડવામાં આવે છે

ભાવનગરનો જીવાદોરી સમાન શેત્રુંજી ડેમ ૯૦ ટકા ભરાયો

સિંચાઇ માટે પાણી પૂરું પાડતો ડેમ ભરાતા ખેડૂતોમાં પણ ખુશી જોવા મળી છે

ભાવનગર, તા.૧૯

ગુજરાતમાહવામાન વિભાગની આગાહી મુજબ રાજયમાં આજથી ત્રણ દિવસ અતિભારે વરસાદની આગાહી કરવામાં આવી છે.

આ પૂર્વે બે રાઉન્ડમાં ગુજરાતમાં સાર્વત્રિક વરસાદ વરસ્યો છે. જેના પગલે ભાવનગર જિલ્લાનો મુખ્ય અને જીવાદોરી સમાન શેત્રુંજી ડેમ ૯૦ ટકા ભરાયો છે.

જયારે પાલીતાણામાં આવેલા શેત્રુંજી ડેમમાંથી ત્રણ તાલુકાને પાણી પૂરું પાડવામાં આવે છે. સિંચાઈ માટે પાણી પૂરું પાડતો ડેમ ભરાતા ખેડૂતોમાં પણ ખુશી જોવા મળી છે. જયારે શેત્રુંજી ડેમ ભરાતા ભાવનગર શહેરને એક વર્ષ પીવાનું પાણી મળી રહેશે.

નહિવત વરસાદ હોવા છતાં ડેમમાં ૮૧૧૭ ક્યુસેકની સતત આવક છે. તેમજ શેત્રુંજી ડેમની જળસપાટી હાલ ૩૧.૧ફૂટ પર પહોંચી છે ડેમ ૩૪ ફૂટે ઓવરફલો થાય છે

રાજયપાલ અને મુખ્યમંત્રીનાં વરદ્હસ્તે

લાઠી : ગાગડીયા નદી પર તૈયાર થયેલ સરોવરનું રવિવારે લોકાર્પણ કરાશે

ધોળકીયા ફાઉન્ડેશન દ્વારા નિર્માણકાર્ય સંપન્ન



લીલીયા, તા. ૧૯

લાઠી તાલુકાનાં લુવારીયા નજીક ગાગડીયો નદી પર ધોળકીયા ફાઉન્ડેશનના સ્થાપક અને પદ્મશ્રી સવજીભાઈ ધોળકીયા દ્વારા તૈયાર કરવામાં આવેલ યુનાઈટેડ નેશન્સ વર્લ્ડ વોટર ૨૦૨૩ લેક(સરોવર)નું રાજયપાલ આચાર્ય દેવવ્રતજી અને રાજયનાં મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલનાં વરદ્ હસ્તે આગામી તા. ૨૨/૦૭/૨૦૨૩ શનિવાર સવારનાં ૯:૦૦ કલાકે લોકાર્પણ કરવામાં આવશે. ત્યારબાદ પદ્મશ્રી સવજીભાઈ ધોળકીયા દ્વારા ગાગડીયો નદી પર થયેલ જળસંચય કામગીરી નિહાળશે. આ પ્રસંગે પદ્મશ્રી સવજીભાઈ ધોળકીયા સહિત ધોળકીયા પરિવારજનો ઉપસ્થિત રહેશે.

વેપારીઓએ ચીફ ઓફિસરને કરી રજૂઆત

બગસરા : નદીપરા તથા શાકમાર્કેટને જોડતા કોઝવેને તોડી નવો પુલ બનાવો

વધુ વરસાદ હોય તો વેપારીઓને નુકસાન થતું હોવાનું જણાવ્યું

બગસરા, તા. ૧૯

બગસરામાં ઘણા વર્ષોથી બેઠો પુલ કોઝવે જે નદીપરાથી શાકમાર્કેટને જોડતો આ બેઠો પુલને તોડીને નવો પુલ બનાવવા નદી પર આ વિસ્તારનાં લોકો તથા શાકમાર્કેટનાં વેપારીઓ દ્વારા બગસરા નગરપાલિકાનાં ચીફ ઓફિસરને લેખિત રજૂઆત કરી છે.

જેના લીધે વધુ પડતો વરસાદ આવવાથી નદી પરનાં વિસ્તારનાં લોકોને જોખમ ઉભું થાય છે અને નદીનું પાણી નદીપરા વિસ્તારમાં તથા શાકમાર્કેટમાં વળતા વેપારીઓને નુકસાની ભોગવવાનો વારો આવે છે. જેથી તાત્કાલિક ધોરણે નગરપાલિકાનાં ચીફ ઓફિસર જે.જે. ચૌહાણને લેખિતમાં રજૂઆત કરી નવો પુલ બનાવવાની માંગણી કરી હતી.

ઉનાનાં નવાબંદર ગામનાં સરપંચ સમજુબેનની માંગ

જાફરાબાદ ખાતેની ફીશરીઝ કચેરીમાં અધિકારી અને કર્મચારીઓની ખાલી જગ્યા ભરો

રાજયનાં મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલને પત્ર પાઠવ્યો

ઉના, તા. ૧૯

ઉનાનાં નવાબંદર ગામનાં સરપંચ સમજુબેન મજેઠીયાએ મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલને પત્ર પાઠવેલ છે. પત્રમાં જણાવેલ છે કે, ઉના તાલુકાનાં નવાબંદર ગામમાં આશરે નાની–મોટી ૧૦૦૦ જેટલી બોટો આવેલી છે. તથા જાફરાબાદ બંદરમાં આશરે કુલ માચ્છીમારી બોટો આશરે ૩૫૦૦ થી પણ વધારે આવેલી છે. આ તમામ બોટોનું સંચાલન જાફરાબાદ ફીશરીઝ કચેરી દ્વારા કરવામાં આવે છે. જાફરાબાદ કચેરીમાં જાફરાબાદ, ચાંચબંદર, બેટ બંદર, ધારા બંદર, નવાબંદર, સૈયદ રાજપરા, તથા સીમર અને ખડા બંદરનો સમાવેશ થાય છે. અને હાલ ફીશરીઝ ઓફીસમાં ખાલી જગ્યા હોવાનાં લીધે ઉપરોકત બંદરનાં માચ્છીમારી બોટ માલીકોની કફોડી હાલત છે.

આ ફીશરીઝ ઓફીસમાં ફીશરીઝ ઓફીસરની જગ્યા ઘણા સમયથી ખાલી પડેલ છે. તેમજ જાફરાબાદ બંદરમાં નાયબ નિયામકની જગ્યા પણ ખાલી પડેલ છે. તેમજ નવાબંદર કચેરીનાં બંદરો જેવા કે રાજપરા, સીમર, નવાબંદર તથા ખડા બંદરોમાં ફીશરીજ ઓફીસરની જગ્યા ઘણા સમયથી ખાલી પડેલ છે. આ કચેરી ઉપર ફકત ગાર્ડ દ્વારા જ સંચાલન કરવામાં આવે છે. અને કોઈ અગત્યનું કામ હોય તો આગેવાનો દ્વારા ફીશરીઝ ઓફીસરનો ફોન દ્વારા સંપર્ક થતો નથી. માટે નવાબંદર ગામમાં ફીશરીઝ ઓફીસરની વહેલી તકે નિમણુંક કરી જગ્યા ભરવા વિનંતી કરવામાં આવે છે. નવાબંદર ફીશરીઝ ઓફીસરની જગ્યા ખાલી હોવાથી નાના મોટા કામ જેવા કે વેપારી માટે લાઈસન્સ, બોટોનાં લાઈસન્સ કોલ વેરીફીકેશન ડીઝલ કાર્ડ જેવા કામ માટે માચ્છીમારોને હાલાકી ભોગવવી પડે છે. અને ઉપરોકત કામ માટે ના છુટકે જાફરાબાદ ફીશરીઝ કચેરીનાં ધક્કા ખાવા પડે છે. અને ત્યાં પણ કોઈ અધિકારી હાજર ન હોવાથી માચ્છીમારોને ધરમનાં ધક્કા ખાવા પડે છે. ફીશરીઝ ઓફીસરની જગ્યા ખાલી હોવાથી ઓફીસનાં અન્ય કર્મચારી દ્વારા મનસુબી વહિવટ અને મનગમતો વહિવટ ચલાવે છે. તથા ટેલીફોન દ્વારા સંતોષકારક જવાબ આપતા નથી અને જવાબદાર આગેવાન દ્વારા મનઘડત વર્તન કરે છે. અને કહે છે કે, આ મોબાઈલ અમારી માલીકીનો છે. કોઈ સરકારી નથી અને ફીશરીઝ ઓફીસમાં જવાબદાર અધિકારી વિપુલ માકડીયા દ્વારા કોઈ પણ માચ્છીમારને સારો અને સંતોષકારક જવાબ આપતા નથી.

ઉપરોકત જગ્યા વહેલી તકે ભરવામાં આવે નહિ તો ના છુટકે માચ્છીમારો તથા વેપારી ભાઈઓ દ્વારા ગાંધી ચીંધ્યા માર્ગે આંદોલન કરવામાં આવશે. તેવી ચીમકી અંતમાં આપેલ છે.

ડાયમંડ એક્સચેન્જે અમેરિકાના પેન્ટાગનને પાછળ છોડી દીધું

વિશ્વની સૌથી મોટી ઇમારત સુરતમાં બની

સુરત, તા.૧૯

આજ સુધી વિશ્વની સૌથી મોટી ઓફિસ કે, બિલ્ડિંગ તરીકે અમેરિકાના રક્ષા વિભાગના મુખ્યાલય પેન્ટાગોનનું નામ સાંભળ્યું હશે અને આ બિલ્ડિંગમાં સૌથી વધારે કર્મચારીઓ કામ પણ કરતા હતા. પરંતુ સુરતમાં ૪ વર્ષના સમયગાળા દરમિયાન બનેલા સૌથી મોટા ડાયમંડ એકસચેન્જે અમેરિકાના પેન્ટાગોનને પાછળ છોડી દીધું છે અને તે વિશ્વની સૌથી મોટી ઈમારત બની છે. આ ઈમારતનું ઉદ્ઘાટન વડાપ્રધાન નરેન્દ્ર મોદી નવેમ્બર મહિનામાં કરી શકે છે. સુરતએ વિશ્વમાં રત્ન રાજધાની તરીકે જાણીતું છે જ્યાં વિશ્વના ૯૦ ટકા હીરા કટિંગનું કામ કરવામાં આવે છે. એવુ પણ વિગતો સામે આવી છે કે,આ બિલ્ડિંગમાં ૬૫,૦૦૦થી વધુ હિરા પ્રોફેશનલ્સ કામ કરી શકશે. આમાં પોલિર્શ, કિટર્સ તેમજ અન્ય વેપારીઓ સામેલ થઈ શકશે. આને વન સ્ટોપ ડેસ્ટિનેશનના રૂપમાં બનાવવામાં આવ્યો છે. આ બિલ્ડિંહગનું નામ સુરત ડાયમંડ બોર્સ આપવામાં આવ્યું છે. એક અહેવાલો અનુસાર ૧૫ માળની ઈમારત ૩૫ એકર જમીનમાં બનાવવામાં આવી છે. તેમાં નવ અન્ય બિલ્ડિંગ્સ છે.

આ વિશાળ કોમ્પ્લેકસ બનાવનાર કંપનીના જણાવ્યા અનુસાર આમાં ૭.૧ મિલિયન ચોરસ ફૂટ ફલોર સ્પેસ છે. વિશ્વના ૯૦ ટકા હીરા સુરતમાં કટીંગ કરવામાં આવે છે. આ બિલ્ડિંગમાં ૧૩૧ લિફ્ટ તેમજ અન્ય કેટલીક સુવિધાઓ પણ છે. આ પ્રોજેક્ટમાં મુંબઈથી આવતા હજારો કર્મચારીઓને લાભ થશે. SDB એટલે કે સુરત ડાયમંડ એકસચેન્જ એ બિન-લાભકારી છે. જે કંપની એક્ટ ૨૦૧૩ની કલમ ૮ હેઠળ નોંધાયેલ કંપની છે. આ ઈમારત સુરત અને ગુજરાતમાં ડાયમંડ બોર્સની સ્થાપના અને પ્રચાર માટે બનાવવામાં આવી છે.

આ ઓફિસ કોમ્પ્લેક્ષમાં મનોરંજન અને પાર્કિંગ વિસ્તાર છે. જે ૨૦ લાખ ચોરસ ફૂટમાં ફેલાયેલો છે. આ નવું બિલ્ડીંગ કોમ્પ્લેક્સમાં હજારો લોકોને બિઝનેસ કરવાની ઉત્તમ તકો પૂરી પાડશે. આ બિલ્ડીંગના નિર્માણ પહેલા પણ કેટલાક હીરા કંપનીઓએ પોતપોતાની ઓફિસો ખરીદી લીધી હતી. આ ઈમારતને બનાવવામાં ૪ વર્ષનો સમય લાગ્યો હતા. તે નવી દિલ્હી સ્થિત ભારતીય આર્કિટેક્ચર ફર્મ મોર્ફોજેનેસિસ દ્વારા ડિઝાઈન કરવામાં આવ્યું છે. સીએનએન અનુસાર આ પ્રોજેક્ટ્સ લગભગ ૩૨ અબજ રૂપિયાના ખર્ચે તૈયાર થયો છે.

લાયકાત વગરનાં વ્યકિતઓ દર્દીનારાયણની સારવાર કરતાં હોવાની ફરિયાદ

ભાઈ સા'બ : બિલાડીનાં ટોપની જેમ ફૂટી નિકળેલ હોસ્પિટલની નીતિમત્તા તો ચકાસો

ધો. ૧૦ પાસ કરેલ વ્યકિતઓ દર્દીઓને ઈન્જેકશન આપે તો બાજુમાં બનાવાયેલ મેડિકલ સ્ટોરમાંથી દવા પણ આપે

જિલ્લાનાં આરોગ્ય વિભાગનાં ઉચ્ચ અધિકારીઓ જનતાનાં હિતમાં આળશ ખંખેરી તપાસ કરે તે જરૂરી

ખાનગી હોસ્પિટલનાં તબીબોની મીઠી નજરતળે જ નિયમોનો ઉલાળીયો થતો હોય તપાસ કરો

ભગવાન પછીનું સ્થાન ધરાવતા તબીબોએ તો દર્દીનારાયણને શ્રેષ્ઠત્તમ સેવા આપવી જોઈએ

અમરેલી, તા. ૧૯

અમરેલી શહેર સહિત જિલ્લાભરમાં આવેલા ખાનગી દવાખાનાઓમાં જવાબદાર ડોકટર દ્વારા લાયકાત વગરના વોર્ડ બોય, કમ્પાઉન્ડર તેમજ અન્ય કર્મચારીઓ પાસે દર્દીને બાટલા ચડાવવા , ઈન્જેકશન તેમજ સિરીંજ લગાડવા સહિતની કામગીરી કરાવી દર્દીની જિંદગી સાથે ખુલ્લેઆમ ચેડાં થતા હોવાની વિગતો સામે આવી રહેલ છે. આવી અતિ ગંભીર બેદરકારી સામે સરકારના જવાબદાર તંત્ર દ્વારા કરવામાં આવતા આખ મીચામણા સામે પ્રબુદ્ધ નાગરિકોમાં ભારે રોશની લાગણી છવાયેલ હતી. સાથોસાથ મેડિકલ સ્ટોરમાં પણ લાયકાત વગરના શખ્શો દ્વારા દવા આપવામાં આવી રહેલ છે.

પ્રાપ્ત વિગત મુજબ અમરેલી શહેરના માણેકપરા સહિતના વિસ્તારમાં ખાનગી હોસ્પિટલો બિલાડીના ટોપની જેમ ઉગી નીકળેલ

અનુસંધાન પાના ૬ ઉપર

પવિત્ર અધિક માસના પ્રારંભે

ધારી : ગોવિંદપુરનાં રહેણાંક મકાનમાં એકી સાથે ૭ સર્પ જોવા મળતા ફફડાટ

સર્પ નિષ્ણાંતોએ સર્પને સલામત સ્થળે ખસેડયા

અમરેલી,તા. ૧૯

ધારી તાલુકાના ગોવિંદપુર ગામે એક રહેણાંકી મકાનમાં એકી સાથે ૭ બાળસર્પ જોવા મળતા લોકો બહાર ભાગ્યા ગયા હતા. હાલમાં જયારે પવિત્ર અધિક માસ ચાલી રહયો તેવા જ સમયે ધારી તાલુકાના ગોવિંદપુર ગામે એક રહેણાંકી મકાનમાં એકી સાથે ૭ બાળસર્પ જોવા મળતા તે મકાનમાં રહેતા પરિવારજનો ભારે અચંબિત થયા હતા.



જયારે વાત ગામમાં પ્રસરી જતા બાળ સર્પનું ઝુંડ જોવા લોકોના ટોળા એકઠા થયા હતા. આ બનાવમાં સર્પ પકડવામાં નિષ્ણાંતોએ ૭ બાળ સર્પને પકડી અને સલામત રીતે રાખ્યા બાદ લોકો દ્વારા સર્પના બચ્ચાને ફુલ અને દૂધ અર્પણ કરીને દેવતા સ્વરૂપે ગ્રામીણ રીતે રિવાજ મુજબ પૂજા કરાઈ હતી. જયારે જે ઘરમાંથી આ સર્પનું ઝુંડ મળી આવેલ તે ઘરમાં મકાન માલિકે તમામ ઘરવખરી સાફસફાઈ કર્યા બાદ રહેણાંકી માલિક ઘરમાં રહેવા ગયા હતા.

વન વિભાગે ૨ આરોપીઓને કોર્ટમાં રજુ કર્યા

રાજુલા : ધારેશ્વર રાઉન્ડની બીટમાં ચંદન ઘો નો શિકાર કરનારના જામીન નામંજુર

વન્ય પ્રાણી સંરક્ષણ અધિનિયમ મુજબ ગુન્હો નોંધાયેલ

રાજુલા, તા. ૧૯

વન્યજીવ રેન્જ રાજુલા હેઠળનાં ધારેશ્વર રાઉન્ડની બર્બટાણા બિટમાં આવેલા ભાક્ષી, ભંડારીયા ગામે રેવન્યુ વિસ્તારમાં રાત્રીનાં વન્યપ્રાણી ચંદન ઘો નો શિકાર કરી તેનું માસ મટન રાંધી ખાવાનાં ઈરાદાથી ભંડારીયા ભાક્ષી ગામે પુલ પાસે ચંદન ઘો જીવ-૧ મૃત હાલતમાં મુદામાલ સાથે મળી આવતા તપાસ કરતા જાણવા મળેલ કે તોહમતદાર નં.-૧ ગુલસિંહ કુવરસિંહ વાસ્કેલા, રે. બરડીપોળ, તા. આઝાદનગર ભાભરા, જિ. અલીરાજપુર રાજય મધ્યપ્રદેશ મૃત

અનુસંધાન પાના ૬ ઉપર

માનવ અધિકાર કાર્યકર્તાનાં કાંતિલાલ પરમારે પિટિશન કરી

અમરેલી : જશવંતગઢ ગામનાં અનુ.જાતિ પ્લોટનો મામલો રાષ્ટ્રીય અનુ.જાતિ આયોગમાં

જિલ્લા કલેકટરને ૩૦ દિવસમાં જવાબ રજૂ કરવા સૂચના

અમરેલી, તા. ૧૯

રાષ્ટ્રીય અનુસૂચિત જાતિ આયોગ, અમદાવાદ દ્વારા અમરેલી જિલ્લા કલેકટરને ૩૦ દિવસમાં જવાબ રજૂ કરવા સુચના અપાઈ છે.

અનુસંધાન પાના ૬ ઉપર

જિલ્લાનાં સાંસદ નારણભાઈ કાછડીયા સહિતનાં ધારાસભ્યોની રજૂઆત સફળ રહી

અમરેલી : હાઈકોર્ટે ઈકો સેન્સેટીવ ઝોન અન્વયે આપેલ સ્ટે હટાવી લઈ કેન્દ્રમાં નવી દરખાસ્ત મોકલવા ચુકાદો આપ્યો

જિલ્લાનાં તમામ ધારાસભ્યો અને સાંસદે રાજય સરકારનો આભાર માન્યો



અમરેલી, તા. ૧૯

અમરેલીના સાંસદ નારણભાઈ કાછડીયા, નાયબ મુખ્ય દંડક કૌશિકભાઈ વેકરિયા અને ધારાસભ્યો દ્વારા મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલ તથા વન અને પર્યાવરણ મંત્રી મુળુભાઈ બેરાને કરવામાં આવેલ અસરકારક

અનુસંધાન પાના ૬ ઉપર

વર્ષો જૂનો પ્રશ્ન દૂર કરવામાં આવતો નથી

દામનગરનાં ખેડૂતો અને ખોડિયારનગરને કાયમી માર્ગની સુવિધા આપવામાં તંત્રનાં ઠાગાઠૈયા

રેલ્વેની હદમાં માર્ગ બને અને બીજી બાજુ બ્હાનાબાજી

દામનગર, તા. ૧૯

દામનગર શહેરમાં આર્થિક પછાત વસાહત ખોડિયારનગર અને

અનુસંધાન પાના ૬ ઉપર

શિક્ષણ સમિતિના ચેરમેન વિપુલ દુધાતની માંગ

અમરેલી જિલ્લામાં યુરિયા ખાતરનો પુરતા પ્રમાણમાં જથ્થો ફાળવો

રાજયના કૃષિ મંત્રીને પત્ર પાઠવીને કરી રજુઆત

અમરેલી, તા. ૧૯

અમરેલી જિલ્લામાં મોટા ભાગના લોકો ખેતીથી આધારીત રોજગાર મેળવે છે અને હાલ ખુબજ વધારે પ્રમાણમાં વરસાદ થયેલ છે જેથી પાકને પાણી પણ ખુબજ લાગે છે જેથી ખેડૂતોને પાકને બચાવવા યુરીયા ખાતરની જરૂરીયાત પડે છે અને હાલમાં અમરેલી જિલ્લામાં ગુજકોમાસોલમાં સ્ટોકમાં યુરીયા ખાતરનો જથ્થો પણ છે જેથી ખેડૂતોના હિતમાં પાક બચાવવા તાત્કાલિક ગુજકોમાસોલનો જથ્થો રીલીઝ કરવા શિક્ષણ સમિતિનાં ચેરમેન પ્રતાપ દુધાતે કૃષિમંત્રીને પત્ર પાઠવીને માંગ કરેલ છે.

બનેવી તેમની પત્નીને મૂકીને સાળીને લઈ જતાં

ધારીનાં યુવકે કૌટુંબિક પ્રશ્નોને લઈને ઝેરી દવા પી લેતા મોત નિપજયું

સ્થાનિક પોલીસે નિયમાનુસાર કાર્યવાહી કરી

અમરેલી, તા. ૧૯

ધારી ગામે શિવનગર વિસ્તારમાં રહેતા વિજયભાઈ મનુભાઈ શાખ નામનાં ૩૫ વર્ષિય યુવકનાં બનેવીએ યુવકનાં બહેન ઉષાબેનને સંતાન સાથે માવતરે કાઢી મૂકી અને તેમની નાની બહેન આશાબેનને તેમનાં બનેવી લઈ ગયેલ હોય. તે વાતનું આ વિજયભાઈને મનોમન લાગી આવતાં પોતે પોતાની મેળે ઘઉંમાં નાખવાનો ઝેરી દવાનો પાવડર પી જતાં આ વિજયભાઈનું મોત નિપજયું હતું.

નેત્ર ચિકિત્સા ટ્રસ્ટ
મલ્ટી-સ્પેશિયાલીટી હોસ્પિટલ
(ગોળ હોસ્પિટલ કેમ્પસ, ચિત્તલ રોડ, અમરેલી)

કન્જકટીવાઈટીસ
બીમારી વિશે સમજ અને ઉપાય

ડૉ. પૂજા ચોટાઈ
M.S. (Ophthal)
(આંખના રોગોના નિષ્ણાંત)

લક્ષણો
- આંખમાં ખંજવાળ આવવી.
- આંખમાંથી સતત પાણી પડવું.
- આંખમાં દુ:ખાવો થવો.
- આંખના પોપચાં ચોંટી જવા.
- ઘણી વખત આંખમાંથી પરૂ પણ નીકળી શકે.

કન્જકટીવાઈટીસ થવાના કારણો
વાયરલ અને બેકટેરીયલ કન્જકટીવાઈટીસ
- છીંક/ખાંસી ખાતા ચેપ લાગે
- સીધા સંપર્ક દ્વારા
એલર્જીથી થતો કન્જકટીવાઈટીસ
- પાલતુ પ્રાણીના ખોડાથી
- ધૂળ-રજકણ કચરાથી
- ફુલ-ફળ પરાગરાજથી

શું કરવું
• સંક્રમિત વ્યક્તિએ ચશ્મા પહેરવા.• આંખમાંથી પાણી નીકળતું હોય તો એ વહીને ગાલ પર આવે ત્યારે ટીસ્યુ પેપરથી સાફ કરવું.• ચેપી વ્યકિત નો રૂમાલ અલગ રાખવો. • સંક્રમિત વ્યક્તિએ વારંવાર હાથ ધોવા. • ચેપી બાળકની કાળજી લેનાર વાલીએ વારંવાર હાથ ધોવા.• તબીબોની સલાહ મુજબ સારવાર કરાવવી.

શું કરવું નહીં
• હાથ આંખને અડાડવો નહીં કે આંખ ચોળવી નહીં.• સંક્રમિત વ્યકિત સાથે હસ્તધૂનન ટાળવું તેમજ તેણે અડેલી વસ્તુને અડવું નહીં.• સંક્રમિત વ્યકિતએ ઉપયોગ કરેલી વસ્તુનો ઉપયોગ ટાળવો. • જાતે એન્ટીબાયોટીક કે સ્ટિરોઈડના ટીપા આંખમાં નાખવા નહી • પોપટા આજવા નહિ. • સંક્રમિત બાળકો સાથે બીજા બાળકોએ રમવાનું ટાળવું.

નોંધ:- મોતિયા, વેલ, છારીના ઓપરેશન આયુષ્માન કાર્ડમાં તદન મફતમાં થાય છે.

નારી
વુમન્સ & ચિલ્ડ્રન્સ હોસ્પિટલ & એન્ડોસ્કોપી સેન્ટર
દુરબીનથી થતા ગર્ભાશય અને અંડાશયની ગાંઠના ઓપરેશનની સેવાઓ ઉપલબ્ધ...

ડૉ. ચિરાગ કુબાવત (M.B.D.G.O.)
Diploma in Gynec Endoscopy (FRANCE)
સ્ત્રીરોગ, પ્રસુતી તથા દુરબીનથી થતા ઓપરેશનના નિષ્ણાંત Mo. 9327361084

ડૉ. ઉપાસના સી. કુબાવત
(M.B.D.C.H.)
નવજાત શિશુ તથા બાળરોગ નિષ્ણાંત
Mo. 97237 99091

ઉપલબ્ધ સુવિધાઓ...
- નોર્મલ/જોખમી સિઝેરીયન ડિલીવરી
- પેઈનલેસ (પીડા રહિત ડીલીવરી) 3D/4D કલર ડોપ્લર/ ખોડખાપણની સોનોગ્રાફી
- ટાંકાવાળુ, ટાંકાવગરનું તથા દુરબીનથી થતા ગર્ભાશયના ઓપરેશન
- વંધત્વની વૈજ્ઞાનિક/ આધુનીક સારવાર/IUI
- ૨૪ કલાક કાર્યરત
- લીફ્ટ, લેબોરેટરી, એમ્બ્યુલન્સની સુવિધા

ઉપલબ્ધ સુવિધાઓ...
- રસીકરણ કેન્દ્ર
- નવજાત શિશુ દાખલ કરવા અદ્યતન NICU
- આહાર સંબંધીત સમસ્યાઓ
- કુપોષણવાળા બાળકોની સર્વાંગી તપાસ સારવાર
- જન્મથી ૧૭ વર્ષ સુધીના બાળકોની તપાસ/સારવાર

ઓપીડી સમય
સોમવાર થી શનિવાર
સવારે ૯ થી ૨
સાંજે ૫ થી ૮

જુના પાંચ માળીયાની બાજુમાં, વિજય આર્ટસની સામે, માણેકપરા, અમરેલી.

Since 1986
બાલમુકુંદ જ્વેલર્સ પ્રા.લી.

ધર્મ કરતા કર્મ એટલા માટે ચડિયાતો છે કે ધર્મ કરીને ભગવાન પાસે માંગવું પડે છે. જયારે કર્મ કરો, એટલે ભગવાન ને આપવું જ પડે છે.

લાઇવ ૨૨ કેરેટ દાગીનાના ભાવ જાણવા મીસ કોલ કરો 95558 11166

એ-૧૯, ઈન્દીરા માર્કેટ, અમરેલી Ph. No. (02792) 223770/226868

*પીઆરબી એકટ હેઠળ સમાચાર સંપાદન માટે જવાબદાર Publisher, Owner & Editor : *Manoj H. Rupareliya, Printed at Aajkaal Pri. Press,Rajputpara B/h Shell petrol Pump, Rajkot, Place of Publication Amreli Express, Under Hariom guest house, AMRELI..(Gujarat)